પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૭/૦૫/૨૦૨૬, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ


અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ અ. જેઠ સુદ-૧૧ વર્ષ : ૧૭ અંક : ૧૩૯

**સુવિચાર**

''પરિવાર મેડિકલ સ્ટોર જેવો હોય છે. ત્યાં આપણાં બધાં જ દર્દોની દવા મળે છે, અને એય પાછી નિ:શુલ્ક.''

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭




## છેલ્લા એક મહિનામાં નિમ્ન-મધ્યમવર્ગ મોંઘવારીમાં સપડાયો

# જીવનજરૂરી ચીજવસ્તુઓનાં ભાવમાં ૨ થી ૧૦ ટકા સુધીનો વધારો

રાજ્ય અને કેન્દ્ર સરકાર યુદ્ધનાં ધોરણે કોઈ મદદ નહી કરે તો આગામી દિવસોમાં કપરી પરિસ્થિતિની દહેશત

પેટ્રોલ, ડીઝલ અને સીએનજીમાં ભાવ વધતા દૂધ, શાકભાજી, કઠોળ, બિસ્કિટનાં ભાવમાં પણ વધારો

દેશનાં કરોડો ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોની આર્થિક હાલત અતિ દયનીય બની રહી છે

ખેડૂતો, શ્રમિકો, યુવાનો, મહિલાઓ, નાના-મોટા વેપારીઓ સહિત સૌ તોબા પોકારી ગયા


પ્રતિકાત્મક તસ્વીર













અમદાવાદ, તા. ૨૬
અમેરિકા, ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના યુદ્ધમાં અત્યારે તો 'સ્ટેટસ ક્વો'ની સ્થિતિ પ્રવર્તી રહી છે, પરંતુ યુદ્ધને કારણે દેશ-દુનિયાનું અર્થતંત્ર ખોરવાઈ ગયું છે. ક્રૂડ તેલના ભાવ ૧૦૦ ડોલરને પાર કરી જતા ટ્રાન્સપોર્ટેશન , પેકેજિંગ મોંઘુ થયું છે અને સપ્લાય ચેઈન ખોરવાઈ જતા જીવનજરૂરી તમામ ચીજવસ્તુઓ-દૂધ, શાકભાજી, અનાજ-કરિયાણું, રાંધણ ગેસમાં PNG-LPG, ઓટો- ઔદ્યોગિક વપરાશ માટેનો CNG,

અનુસંધાન પાના ૬ ઉપર

### ૨ દિવસ પહેલા ઘરેની લાપતા થયા બાદ

## જાફરાબાદનાં વારાહસ્વરૂપની સીમમાંથી ભરતભાઈ બારૈયાનો મૃતદેહ મળી આવ્યો

### વન અને પોલીસ વિભાગે તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૨૬
જાફરાબાદના વારાહસ્વરૂપ અને ભાકોદર ગામની સીમમાંથી એક યુવકનો મૃતદેહ મળી આવતાં વન અને પોલીસ વિભાગે તપાસ શરૂ કરી છે.

વિગત એવા પ્રકારની છે કે ભરતભાઈ મધુભાઈ બારૈયાનાં નામના યુવક ૨ દિવસથી ઘરેથી લાપતાં હોય તેઓના મૃતદેહ કોહવાયેલી હાલતમાં વારાહસ્વરૂપ અને ભાકોદરની સીમમાંથી મળી આવતાં વન અને



પોલીસ વિભાગે યુવકનુ મોત વન્યપ્રાણીનાં હુમલાથી થયેલ છે કે અન્ય કોઈ કારણસર તે અંગે તપાસ શરૂ કરી છે.

ડોક્ટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. દેવાંગ ટાંક ગેસ્ટ્રોલોજીસ્ટ
પેટ, આંતરડા તથા લીવરના રોગો અને એન્ડોસ્કોપીના નિષ્ણાંત
તા. ૨૮/૦૫/૨૦૨૬, ગુરૂવારે, સવારે ૧૦ થી ૧
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોકટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.) ડો. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ) મો. ૯૯૯૭૩ ૯૯૫૯૯
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) મો. ૯૯૧૩૬ ૪૮૩૩૦




ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

### દેશમાં સિંહોનાં એકમાત્ર નિવાસસ્થાન ગણાતા વિસ્તારમાં ભેદી રોગચાળો

## ધારી ગીર પૂર્વનાં ગીર ગઢડા બોર્ડર વિસ્તારમાં ૧૦ દિવસમાં 3 એશિયાટીક સિંહબાળનાં મોત : વન વિભાગમાં દોડધામ

### ગાંધીનગરનાં પ્રિન્સિપલ સી.સી.એફ.એ પુષ્ટિ કરી : ૩૫૦થી વધુ સિંહોની તપાસ શરૂ


ફાઈલ તસ્વીર

અમરેલી, તા. ૨૬
ગીર જંગલ વિસ્તારમાં ફરી એક વખત એશિયાટિક સિંહોમાં બેબસીયા (ન્યૂમોનિયા જેવા લક્ષણો ધરાવતા) રોગનો ભય ઉભો થયો છે. ધારી ગીર પૂર્વનાં ગીર ગઢડા બોર્ડર વિસ્તારમાં છેલ્લા દશેક દિવસ દરમિયાન અલગ અલગ ત્રણ સિંહબાળનાં મોત થતા વન વિભાગમાં ચિંતાનું વાતાવરણ ફેલાયું છે. ગીર પશ્ચિમ જંગલ બોર્ડર નજીક બનેલી આ ઘટનાઓને પગલે સમગ્ર ગીર વિસ્તારમાં વન વિભાગ દ્વારા સઘન મોનીટરીંગ હાથ ધરવામાં આવ્યું છે.

આ અંગે ગાંધીનગર ખાતેનાં પ્રિન્સિપલ ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ (પી.સી.સી.એફ.) જયપાલસિંહે આ મામલે માહિતી આપતા જણાવ્યું હતું કે, અગાઉ પણ અલગ અલગ વિસ્તારોમાં બે

અનુસંધાન પાના ૬ ઉપર

અમરેલી એક્સપ્રેસ
સમાચારો મોકલવા બાબત
''અમરેલી એક્સપ્રેસ'' પત્રકાર મિત્રો, એજન્ટોને નમ્ર વિનંતી કે, આપનાં વિસ્તારનાં તમામ સમાચારો ઈ-મેઈલ amreliexpress7@gmail.com એડ્રેસ પર જ મોકલવા, અનિવાર્ય સંજોગોમાં જ ''વોટસએપ'' પર સમાચાર મોકલવા વિનંતી
તંત્રી

### ગીરગઢડા ઉપરાંત, બાબરીયા અને જામવાળા રેન્જમાં ચિંતા

## ગીર પૂર્વ અને ગીર પશ્ચિમ વન વિભાગ મળી સિંહનાં મોતનો આંક વધુ હોવાની આશંકા

### જોકે વન વિભાગની વિશેષ ટીમો સિંહો પર નજર રાખી રહી છે

ગુજરાતનું ગૌરવ અને એશિયાટિક સિંહોનું એકમાત્ર નિવાસસ્થાન ગણાતા ગીરનાં જંગલ પર ફરી એકવાર મોટું સંકટ આવી પડયું છે. સૌરાષ્ટ્રનાં ગીર પૂર્વ અને ગીર પશ્ચિમ વન વિભાગમાં કેનાઈન ડિસ્ટેમ્પર વાયરસ (સીડીવી) અને બેબેસિયા જેવા જીવલેણ રોગચાળાનાં કારણે ટૂંકા ગાળામાં બિન સતાવાર મળતી વિગત મુજબ ૫થી વધુ સિંહો અને સિંહબાળનાં મોત નીપજયા છે. આ ગંભીર પરિસ્થિતિને પગલે વન વિભાગ તાત્કાલિક હાઈએલર્ટ પર આવી ગયો છે અને વન્યજીવોને બચાવવા માટે સઘન બચાવ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

બિન સતાવાર મળતી માહિતી મુજબ, ધારી ગીર પૂર્વનાં જસાધાર રેન્જમાં ગીર ગઢડા સરહદ પર એક જ દિવસમાં ૨ સિંહોનાં ભેદી રોગથી મોત થયા હતા. આ ઉપરાંત, ગીર પશ્ચિમ હેઠળ આવતી બાબરીયા અને જામવાળા રેન્જમાં પણ ૨થી વધુ સિંહોનાં મોત નોંધાયા છે. આ રોગચાળાની સૌથી ઘાતક અસર સિંહબાળ (તરૂણ સિંહો) પર જોવા મળી રહી છે.

રોગચાળો આગળ વધતો અટકાવવા માટે વનતંત્ર દ્વારા તાત્કાલિક એકશન પ્લાન અમલમાં મૂકવામાં આવ્યો છે. ધારી સરસિયા રેન્જમાંથી સિંહોનાં આખા જૂથને રેસ્કયુ કરીને ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યુંછે. સિંહોનાં આખા જૂથને રેસ્કયુ કરીને ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યું છે.

આ ઉપરાત જંગલ વિસ્તારમાંથી સૌપ્રથમ અશક્ત અને નબળા દેખાતા સિંહોને શોધીને તેમની તબીબી તપાસ કરવામાં આવી રહી છે. અને જુદા-જુદા વિસ્તારોમાં સિંહોનાં જૂથોને તેમના લક્ષણોના આધારે અલગ પાડી, લોહી તેમજ અન્ય સેમ્પલ લેવાની કવાયત હાથ ધરાઈ છે.

એનિમલ ડોકટરોની વિશેષ ટીમો દ્વારા સિંહોની સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે અને જરૂર જણાય તેવા સિંહોને રાત્રિ દરમિયાન પાંજરે પૂરવાની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે.

## જીવતાનાં કામ ન કરો તો કંઈ નહી, માણસના મૃત્યુ પછી તો શરમ રાખો

# સાવરકુંડલામાં સ્મશાનની બદતર હાલત, નગરસેવકો લાલઘુમ

**સ્વજનો ગુમાવનાર પરિવારોનાં આંસુઓની તંત્રને કદર નથી ? લાખોની ગ્રાન્ટ કયાં ગઈ ?**

**સ્મશાનમાં બેસવા માટે બાંકડા, સફાઈ સહિતની પાયાની સુવિધાઓ પુરી પાડો**

**સ્મશાન જેવા પવિત્ર સ્થાન નજીક ગંદકીનું સામ્રાજય ફેલાયુ હોવાનો આક્ષેપ**

**સ્મશાનમાં લાકડા અને છાણા રાખવા માટેનું ગોડાઉન મંજૂર થયું હોય કામગીરી શરૂ કરો**






સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલા પાલિકાના વહીવટી તંત્ર સામે સ્મશાનની અત્યંત કથળેલી અને દયનીય હાલત મુદ્દે સ્થાનિક કોર્પોરેટર ધર્મેન્દ્રભાઈ મહેતા અને અશોકભાઈ ખુમાણે ઉગ્ર મોરચો માંડયો છે. સ્મશાનમાં પાયાની સુવિધાઓના ઘોર અભાવે અંતિમ સંસ્કાર માટે આવતા દુ:ખી પરિવારોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હોવાના ગંભીર આક્ષેપો સાથે કોર્પોરેટરોએ તંત્રને આડે હાથ લીધું છે.

સદસ્યોએ ભારે આક્રોશ સાથે જણાવ્યું હતું કે, રાજય સરકાર તરફથી સ્મશાનની જાળવણી અને અપગ્રેડેશન માટે લાખો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. તેમ છતાં કુંડલા વિભાગના સ્મશાનની મુખ્ય ભઠ્ઠી લાંબા સમયથી તૂટેલી હાલતમાં પડી છે. અત્યંત દુ:ખના સમયે જયારે કોઈ પરિવાર પોતાના સ્વજનને ગુમાવીને આવે, ત્યારે તેને સાંત્વના અને સુવિધા આપવાને બદલે પાલિકા તંત્ર એક ભઠ્ઠીનું રિપેરિંગ પણ કરાવી શકતું નથી, જે અત્યંત શરમજનક બાબત છે.

શહેરી વિસ્તારોમાં નવા બાંકડા મૂકવા માટે પાલિકાએ ફટાફટ ટેન્ડરો બહાર પાડી દીધા, પરંતુ સ્મશાનમાં મોટાભાગના બાંકડા તૂટી ગયા હોવા છતાં ત્યાં કેમ નવા બાંકડા ન પહોંચાડાયા ? તેવો વેધક સવાલ ઉઠાવતા જણાવ્યું કે, 'બીજું કાઈ ન કરો તો ચાલશે, પણ સ્મશાનમાં સફાઈ અને પાયાની સુવિધાઓ તો પુરી પાડો !'

હાલ સ્મશાનની સ્થિતિ જોતાં ત્યાં પવિત્રતાને બદલે ગંદકીનું સામ્રાજય જોવા મળી રહ્યું છે. ચારેબાજુ બોરડી, બાવળ અને કાંટાળું ઘાસ ઉગી નીકળ્યું છે. સૌથી વધુ આઘાતજનક સ્થિતિ બાળકોના સ્મશાનની છે, જયાં ફેન્સિંગ તૂટી ગઈ છે અને અંદર ગંદકી તેમજ ઘાસના ગંજ ખડકાયેલા છે. સ્મશાનનો મેઈન ગેટ અને દીવાલ તોડી નાખ્યા બાદ તેનું રિપેરિંગ પણ કરવામાંઆવ્યું નથી.

સ્મશાનમાં રાત્રિના સમયે અંતિમ સંસ્કાર માટે આવતા લોકો માટે અંધારામાં ઠેબા ખાવાની નોબત આવે છે. જો કે સ્ટ્રીટલાઈટો કાર્યરત છે, પરંતુ લાઈટોની સંખ્યા ઓછી હોવાથી ત્યાં તાકીદે નવી લાઈટો નાખીને વધારો કરવો પડે તેમ છે. આ ઉપરાંત, અંતિમ વિધિ પછી નાહવા માટેનો સ્નાનઘાટ (બાથરૂમ) બિલકુલ ખંડેર હાલતમાં ફેરવાઈ ગયો છે, જેમાં લાઈટ કે પાણીની કોઈ યોગ્ય સુવિધા જ નથી.

છેલ્લા એક વર્ષથી સ્મશાનમાં લાકડા અને છાણા રાખવા માટેનો ખાસ હોલ તેમજ નવા બાથરૂમ બનાવવાનું કામ મંજૂર થયેલું છે, તેમ છતાં પાલિકાના પેટનું પાણી હલતું નથી અને કામગીરી શરૂ કરાતી નથી. હાલમાં અંતિમ સંસ્કાર માટેના લાકડા–છાણા ખુલ્લામાં ધૂળ અને કાંટાળા ઝાંખરામાં પડી રહ્યા છે. કોર્પોરેટરોએ સવાલ ઉઠાવ્યો છે કે, હવે ચોમાસું નજીક છે ત્યારે જો આ લાકડા અને છાણા પલળી જશે, તો જવાબદારી કોની ?

નગરપાલિકાના સત્તાધીશોની આવી સંવેદનહીનતા સામે સ્થાનિક લોકોમાં પણ ભારે રોષ છે. પાલિકા સદસ્યોએ તંત્રને કડક શબ્દોમાં ચીમકી ઉચ્ચારી છે કે જો તાત્કાલિક ધોરણે મુખ્ય ભઠ્ઠીનું રિપેરિંગ, સ્મશાનની સફાઈ કામગીરી અને વર્ષોથી મંજૂર થયેલા કામો યુદ્ધના ધોરણે શરૂ કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં જનતાને સાથે રાખીને પાલિકા સામે ઉગ્ર આંદોલન કરીને ઉપવાસ ઉપર બેસવાની ફરજ પડશે.

---

**એડવોકેટ અજય પંડયાએ ચીફ ઓફીસરને પત્ર પાઠવ્યો**

## અમરેલીના મોહનનગર વિસ્તારમાં ગંદા પાણીનો જાહેરમાં થતો નિકાલ બંધ કરાવો

**જનઆરોગ્ય ઉપર ગંભીર ખતરો ઉભો થયો હોવાનુ જણાવ્યુ**

અમરેલી, તા. ૨૬

અમરેલીનાં એડવોકેટ અજય પંડયાએ ચીફ ઓફીસરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, મોહનનગર વિસ્તારનાં અમુક રહીશો દ્વારા દરરોજ ગંદા પાણીનો નિકાલ ગટર કનેક્શન હોવા છતાં જાહેર માર્ગ ઉપર જાહેર આરોગ્યને નુકસાન પહોંચે તે રીતે કરતા હોય અને રસ્તા ઉપર ગંદુ પાણી બેફામ વહેતું હોય જયારે આ વિસ્તારમાં ઘણા મકાન આવેલ હોય મંદિર આવેલ હોય ત્યારે ત્યાના રહેવાસીઓ અને મંદિરે આવતા તમામ લોકોને આ ગંદા પાણી માંથી પસાર થવું પડતું હોય તેમજ આ પાણીનાં કારણે રોગચાળો ફાટી નીકળે તેમ હોય તેમજ આ પાણીના કારણે જલારામ નગરથી હનુમાનપરાનાં રોડ ઉપર પણ આ પાણી પહોંચતું હોય જયાં પાણીનાં વાલ્વ આવેલા હોય આ પાણી તેમાં જતા પીવાના પાણીમાં ભળતા તે પણ દુષિત થતું હોય. આ અગાઉ પણ નગરપાલિકા દ્વારા આ રહીશોને ચેતવણી આપેલ હોવા છતાં કોઈ સુધારો થતો ન હોય તેમજ ગંદા પાણી સાથે સાથે આ લોકો દ્વારા પાણીનો પણ બેફામ વેડફાટ થતો હોય જેથી નગરપાલિકાનાં પાણીનો પણ બગાડ થતો હોય જે અટકાવવો અતિ આવશ્યક હોય જેથી સત્વરે પગલા લઈ અને જાહેર આરોગ્યને થતું નુકશાન અટકાવવા કાર્યવાહી કરવા જો કોઈ કાર્યવાહી કરવામાં નહી આવે તો ફરજીયાત કાયદાની જોગવાઈ મુજબ bnssની કલમ ૧૫૨ અન્વયે ડે. કલેકટર માં કાર્યવાહી કરવાની ફરજ પડશે તેમ અંતમાં જણાવેલ છે.

---

**વિકાસ કામોનાં બિલો અટકાવવા અને ફાઈલો ગુમ કરવાનો આક્ષેપ**

## લ્યો બોલો : અમરેલી તાલુકા પંચાયત કચેરી સામે ભાજપનાં જ સદસ્યાએ ઉપવાસની ચીમકી ઉચ્ચારી

**૭ દિવસમાં કાર્યવાહી ન થાય તો ૨ જૂનથી ઉપવાસની ચીમકી**

અમરેલી, તા. ૨૬

અમરેલી તાલુકા પંચાયતના બાંધકામ વિભાગમાં છેલ્લા ત્રણ મહિનાથી ગ્રામ પંચાયતોના વિકાસ કામોના બિલોની પ્રક્રિયા અટકાવી દેવામાં આવી હોવાના તેમજ અનેક મહત્વપૂર્ણ ફાઈલો ગુમ કરાઈ હોવાના ગંભીર આક્ષેપો સાથે દેવભૂમિ દેવળીયા ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ અને અમરેલી તાલુકા પંચાયતના ભાજપી સદસ્યા ભાવનાબેન નાથાલાલ સુખડિયાએ તાલુકા વિકાસ અધિકારીને એક પત્ર લખી રજૂઆત કરી છે.



આ રજૂઆતમાં જવાબદાર કર્મચારી સામે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ સાથે ૭ દિવસમાં પ્રશ્નનો ઉકેલ નહીં આવે તો ૨ જૂનથી તાલુકા પંચાયત કચેરી સામે ઉપવાસ આંદોલન શરૂ કરવાની ચીમકી આપવામાં આવી છે.

ભાવનાબેન સુખડિયાએ કરેલી રજૂઆત મુજબ અમરેલી તાલુકા પંચાયતના બાંધકામ વિભાગના મદદનીશ ઈજનેર તુષાર કેસરી દ્વારા ભ્રષ્ટાચારના હેતુથી અનેક ગ્રામ પંચાયતોના વિકાસ કામોના બિલોની પ્રક્રિયા છેલ્લા ત્રણ મહિનાથી કરવામાં આવી નથી. જેના કારણે ગામડાના વિકાસ કાર્યો અટવાઈ ગયા હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

વધુમાં આક્ષેપ કરાયો છે કે ગત તા. ૧૨ મે ૨૦૨૬ના રોજ જિલ્લા પંચાયત કચેરી ખાતે લેખિત ફરિયાદ કરવામાં આવી હતી. તે અંગેનો રાગદ્વેષ રાખી દેવભૂમિ દેવળીયા સહિત અનેક ગ્રામ પંચાયતોના બાંધકામ સંબંધિત એસ્ટીમેન્ટ, એમ.બી. રેકોર્ડ, મટીરીયલ ટેસ્ટિંગ રિપોર્ટ, ફોટોગ્રાફ સહિતની મહત્વપૂર્ણ ફાઈલો પોતાના કબજામાં રાખી ગુમ કરવામાં આવી છે. જેના કારણે સરપંચો અને ગ્રામ પંચાયતોને ભારે હાલાકી ભોગવવી પડી રહી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

ભાવનાબેન સુખડિયાએ વધુમાં જણાવ્યું છે કે, આ મામલે ગત તા. ૧૬ના રોજ તાલુકા વિકાસ અધિકારીને પણ લેખિત રજૂઆત કરવામાં આવી હતી, છતાં આજ દિન સુધી કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. ઉપરાંત વિઠલપુર, ખંભાળીયા અને પાણીયા ગ્રામ પંચાયતોમાં પણ કમ્પ્લીશન સર્ટિફિકેટ બાદ ખોટી નોંધો કરી છેડછાડ કરવામાં આવી હોવાના તેમજ નાણાકીય દબાણ અને બ્લેકમેલિંગના પ્રયાસોના પણ ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે.

આ સમગ્ર મામલે તાત્કાલિક તપાસ કરી જવાબદાર કર્મચારી સામે કડક પગલાં લેવા, અટકાવાયેલા બિલોના ચુકવણા કરવા તેમજ ગુમ થયેલી ફાઈલોનો નિકાલ લાવવા માંગ ઉઠી છે. જો આગામી સાત દિવસમાં પ્રશ્નનો ઉકેલ નહીં આવે તો તા. ૨ જૂન ૨૦૨૬થી તાલુકા પંચાયત કચેરી અમરેલી સામે ઉપવાસ આંદોલન શરૂ કરવાની ચેતવણી આપવામાં આવતા તાલુકા પંચાયત વર્તુળોમાં ચકચાર મચી ગઈ છે.

આ રજૂઆતની નકલ જિલ્લા કલેકટર અને જિલ્લા પોલીસ અધિક્ષકને પણ જાણ માટે પાઠવવામાં આવી હોવાનું જાણવા મળે છે.

---

**સત્તાપક્ષનાં સદસ્ય ભાવનાબેન સુખડીયાએ પત્ર પાઠવ્યો**

## અમરેલી તાલુકા પંચાયતની સામાન્ય સભામાં અપેક્ષિત વ્યકિતઓને જ હાજર રાખવા માંગ

**તાલુકા પંચાયતમાં મહિલા સુરક્ષા સમિતિની રચના કરવા માંગ**

અમરેલી, તા. ૨૬

અમરેલી તાલુકા પંચાયતનાં સત્તાપક્ષ ભાજપનાં સદસ્ય ભાવનાબેન સુખડીયાએ તાલુકા વિકાસ અધિકારીને પત્ર પાઠવ્યો.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી તાલુકા પંચાયતમાં અમો ૪ દેવભુમિ દેવળીયા–શીટ પરથી તાલુકા પંચાયતના સદસ્ય તરીકે છીએ. અને અમો મહિલાઓને સ્વવિધાન મુજબ સરકાર દ્વારા સ્થાનિક સંસ્થાઓમાં ૫૦% મહિલાઓને સ્ત્રી સશકિત કરણ માટે મહિલા રાજકીયક્ષેત્રે આગળ આવી તમામ ક્ષેત્રે નારી શકિતને પ્રાધાન્ય આપવાનું હોય જેથી તાલુકા પંચાયતની મળનારી સામાન્ય સભામાં સભાની મિર્ટીંગની અંદર સામાન્ય વહીવટ વિભાગના પ્રોટોકલ મુજબ મીટીંગમાં અન્ય કોઈ વ્યકિત અપેક્ષિત સિવાય તેમા હાજર ન રહે તે સભ્ય સવિચની તરીકેની જવાબદારી રહેશે. અને હોદોદારોની ચેમ્બરોમાં તેઓના પદાધિકારીઓના લોહીના સબંધના નાતે ઓફીસોનો દુર ઉપીયોગ ન થાય તે જોવા અને તાલુકા પંચાયત કચેરીમાં ૫૦% થી વધારે મહિલાઓ હોય જેથી સુપ્રિમ કોર્ટના ગાઈડ લાઈન વિશાખા વી/એસ રાજેસ્થાન ગર્વમેન્ટના ચુકાદા મુજબ મહિલા સુરક્ષા સમિતિની તાલુકા પંચાયતના મહિલા સ્ટાફ વિગેરેની ભવિષ્યોની બાબતનો ધ્યાને લઈ રચના કરવી અને ઓફીસ પ્રોટોકોલનો ખાસ અમલ કરવા લેખિત રજુઆત છે. અને અમારી જાણ મુજબ કેટલીક મહિલાઓ અભણ હોય અને પદાધિકારી બનાવવામાં આવેલ હોય તો સર્વશિક્ષા અભિયાન અંતગર્ત અને સરકારની યોજના મુજબ પૌઢ શિક્ષણ આપી પોતે પોતાના હોદા અને પદ અંગે જાગૃત બને અને પોતાના હકક અને અન્યાય સામે અવાજ ઉઠાવી શકે તે માટે આત્મનિર્ભય કરવા અંતમાં માંગ કરેલ છે.

**સંકુલ સ્કૂલ – કોલેજ શીફ્ટ**
UG-PG - All કોલેજ સવાર
ધો. ૬ થી ૧૨ ગર્લ્સ સ્કૂલ બપોર
ધો. ૬ થી ૧૨ મિશ્ર સ્કૂલ સવાર
KG થી ધો. ૧૨ EM સ્કૂલ સવાર
KG થી ધો. ૫ કન્યા કુમાર સવાર
KG થી ધો. ૫ કન્યા કુમાર બપોર
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
Ad 081

**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઇન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઇન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

---

## લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ



લીલીયા મોટા, તા.૨૬

લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે પી.આઈ.એમ.ડી.સાળુંકે ની સૂચના અને માર્ગદર્શન તળે આગામી પવિત્ર તહેવાર 'બકરી ઈદ' (ઈદ – ઉલ – અઝહા) ની શાંતિપૂર્ણ અને ભાઈચારાના વાતાવરણમાં ઉજવણી થાય તેવા આશય સાથે લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠક લીલીયા મોટા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ વાઈ.એમ.જાડેજાની ઉપસ્થિતિમાં યોજાઈ બેઠક દરમિયાન ઉપસ્થિત હિન્દુ–મુસ્લિમ સમાજના અગ્રણીઓ, સ્થાનિક આગેવાનો અને શાંતિ સમિતિના સભ્યો સાથે આગામી તહેવારને લઈને વિસ્તૃત ચર્ચા – વિચારણા કરવામાં આવી હતી. આ બેઠકનો મુખ્ય હેતુ લીલીયા તાલુકા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને પરંપરાગત રીતે તમામ ધર્મના લોકો હળી મળીને, શાંતિ અને પરસ્પર ભાઈચારા સાથે બકરી ઈદના તહેવારની ઉજવણી કરેતે માટેનો હતો. પી.એસ.આઈ જાડેજાએ ઉપસ્થિત તમામ નાગરિકોને સોશિયલ મીડિયા પર અફવાઓથી દૂર રહેવા અને કોઈપણ અનિચ્છનીય પ્રવૃત્તિ જણાય તો તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવા અપીલ કરી હતી. સ્થાનિક સમાજના અગ્રણીઓએ પણ વહીવટી તંત્રને સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપી હતી તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

---

**તાજેતરમાં માર્ગ અકસ્માતમાં 3–3 જીંદગી જયાં હોમાઈ ગઈ તેવા**

## અમરેલીથી ચાવંડ અને લાઠીથી દામનગર સુધીનાં માર્ગને ફોરલેન કરવા માંગ કરાઈ

**જાગૃત પ્રાધ્યાપકે માર્ગ–મકાન મંત્રીને પત્ર પાઠવ્યો**

અમરેલી, તા. ૨૬

અમરેલીથી લાઠી ચાવંડ અને લાઠીથી દામનગર સુધીનો નેશનલ હાઈ–વે હાલમાં ડબલ પટ્ટીનો માર્ગ છે. આ માર્ગ અમરેલીને રાજય અને સમગ્ર દેશ સાથે જોડાતો માર્ગ છે. આ રસ્તાનું અમરેલીથી લાઠી થઈ ચાવંડ અને લાઠીથી દામનગર સુધીનું અંતર લગભગ ૩૫ કિલોમીટર છે. અને અમરેલીથી ચાવંડ અને દામનગર પહોંચવા માટેનો સમય ૪૫ મિનિટથી ૧ કલાક સુધી થાય છે. ચાવંડ ચોકડી પાસે આ રસ્તો નેશનલ હાઈ વે ૫૧ને મળે છે.

અમરેલીથી લાઠી ચાવંડ તથા લાઠીથી દામનગરનો આ માર્ગ ડબલ પટ્ટીનો હોય આ માર્ગ ઉપર સુપ્રસિદ્ધ ભુરખિયા હનુમાનજી મંદિર પણ આવેલ હોય અને દરરોજ હજારોની સંખ્યામાં યાત્રાળુઓ આ ૪ માર્ગ ૪ ઉપરથી પસાર ૪ થતા હોય છે. ત્યારે આ માર્ગ ઉપરથી ટ્રાફિકના કારણે પસાર થવું ખુબ જ મુશ્કેલ થાય છે. અને ટ્રાફિકની ખુબ જ સમસ્યા અનુભવવી પડે છે. અને વાહન ચાલકોને સતત અકસ્માત થવાની શક્યતા ખુબજ વધી જાય છે.

તાજેતરમાં ત્રણ દિવસ પહેલાં જ આ રસ્તા પર કેરાલા ગામ નજીક બસ અનેકારનો અકસ્માત થતા ત્રણેય કાર સવારનું ઘટના સ્થળે જ મોત નીપજયું છે, આ માર્ગ ઉપર છાસવારે નાના૪ મોટા કાયમી અકસ્માત પથતાં રહે છે. તેના ઉપર પરથી જોઈ શકાય છે કે, આ રસ્તો કેટલો ભયજનક છે.

આ રસ્તાનું ફોર લેન વાઈડીનિંગ અને પેવ્ડ શોલ્ડરનું કામ ચાલુ છે. જેને સત્વરે પૂર્ણ કરી તાત્કાલિક ધોરણે ફોર લેન બનાવવામાં આવે તેવી માંગણી અમરેલીના જાગૃત પ્રાધ્યાપક જે.એમ. તળાવિયાએ રાજયના માર્ગ અને મકાન મંત્રી ઋષિકેશ પટેલ સમક્ષ કરી છે.

**જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર**
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

## જિલ્લા પ્રભારી મંત્રીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ

# અમરેલી જિલ્લામાં અંદાજે રૂપિયા ૨૦.૫૦ કરોડનાં વિકાસકામોને બહાલી

**૧૫ ટકા વિવેકાધીન તાલુકાકક્ષા અને પાલિકા વિવેકાધીન જોગવાઈ હેઠળ ૬૪૧ વિકાસકામોને બહાલી**

**પ્રિ-મોન્સુન કામગીરી ઝડપથી પૂર્ણ કરવા અને અટકેલા વિકાસ કામોને આગળ ધપાવવા સુચના આપી**

**જિલ્લાની કુલ ૯ પાલિકાનાં ૬૬ વિકાસ કામોનાં અંદાજિત રૂપિયા ૪.૫૦ કરોડનાં ખર્ચને બહાલી**

**બેઠકમાં ઉર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરિયા અને અન્ય ધારાસભ્યો વર્ચ્યુઅલ રીતે જોડાયા**




અમરેલી, તા. ૨૬

રાજય સરકારના કૃષિમંત્રી તેમજ અમરેલી જિલ્લાના પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં-અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ હતી.

અમરેલી જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલ આ બેઠકમાં અમરેલી જિલ્લાના વિકાસને વેગવંતો બનાવવા તેમજ નાગરિકલક્ષી સુખ-સુવિધા અને તેમજ જનસુખાકારીમાં વધારો કરતા વર્ષ ૨૦૨૬-૨૭ના વિવિધ વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી હતી.

આ બેઠકમાં ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય હિરાભાઈ સોલંકી, મહેશભાઈ કસવાલા પણ વર્ચ્યુઅલ રીતે જોડાયા હતા.

ઉલ્લેખનીય છે કે, જિલ્લા આયોજન વિકેન્દ્રિત અંતર્ગત ૧૫ ટકા વિવેકાધીન તાલુકા કક્ષા અને નગરપાલિકા વિવેકાધીન જોગવાઈ હેઠળ અંદાજે કુલ રૂા. ૨૦.૫૦ કરોડ ખર્ચના કુલ ૬૪૧ વિકાસકામોને બહાલી આપવામાં આવી હતી. સાથે ૧૫ ટકા વિવેકાધીન જોગવાઈ હેઠળ તાલુકા કક્ષા અનુસૂચિત જાતિ પેટા યોજના વર્ષ ૨૦૨૬-૨૭ હેઠળ કુલ રૂા. ૧.૮૪ કરોડના ખર્ચે ૭૫ વિકાસકામો હાથ ધરવામાં આવશે. નગરપાલિકા વિસ્તારોમાં વિકાસની નેમને સાકાર કરવા માટે નગરપાલિકા વિવેકાધીન યોજના વર્ષ ૨૦૨૬-૨૭ હેઠળ કુલ ૦૯ નગરપાલિકાના ૬૬ વિકાસકામોના અંદાજિત રૂા. ૪.૫૦ કરોડના ખર્ચને બહાલી આપવામાં આવી હતી. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટેની (બક્ષીપંચ) ખાસ પ્લાન યોજના વર્ષ ૨૦૨૬-૨૭ હેઠળ બાબરા, જાફરાબાદ, ખાંભા અને રાજુલા તાલુકાના કુલ મળીને ૬ વિકાકાર્યો રૂા. ૨૦ લાખના ખર્ચે હાથ ધરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ ૧૫ ટકા વિવેકાધીન જોગવાઈ અન્વયે મંજૂર થયેલ તથા ફેરફાર કરવામાં આવેલ કુલ ૧૩૬ વિકાસકામોને પણ મંજૂરી આપવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ અમરેલી જિલ્લાને ૪૯.૨૫ કરોડની ગ્રાંટ મળતી હતી. હાલમાં સરકાર દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭થી આ ગ્રાંટ ૬૬.૭૫ કરોડની કરવામાં આવેલ છે. આમ, જિલ્લાને મળતી કુલ ગ્રાંટમાં ૩૫.૫૩ ટકા જેટલો વધારો થયો છે. હવે વધુમાં વધુ વિકાસના કામો કરવામાં મદદ મળશે. સાથે અગાઉ વર્ષ ૨૦૨૫-૨૬માં રાજયના ૩૩ જિલ્લા પૈકી અમરેલી જિલ્લામાં મળવાપાત્ર જોગવાઈ રકમ રૂા. ૪૯.૨૫ કરોડની સામે પૂર્ણ રકમની મંજૂરી મળેલ છે અને ગ્રાંટની ફાળવણી કરવામાં આવેલ છે. આમ, ૧૦૦ ટકા સિદ્ધિ હાંસલ કરવામાં અમરેલી જિલ્લો અગ્રેસર છે.

જિલ્લા પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે, સમગ્ર જિલ્લામાં મંજૂર થયેલ આ વિકાસકામો થકી જિલ્લાકક્ષા, તાલુકાકક્ષા અને નગરપાલિકા વિસ્તારોમાં નાગરિકોની સુખ-સુવિધાઓમાં વધારો થશે. સર્વાંગી વિકાસની નેમને સાકાર કરવા માટે મજબૂત બળ મળશે. પ્રભારી મંત્રીએ ચોમાસા પૂર્વે પ્રિ-મોન્સુન કામગીરી ઝડપથી પૂર્ણ કરવા ઉપરાંત કાર્યરત વિકાસકામો ઝડપભેર આગળ ધપાવવા માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી અને પરસ્પર મજબૂત સંકલન સાથે જિલ્લાની વિકાસયાત્રાને આગળ ધપાવવા માર્ગદર્શન પૂરૂં પાડયું હતુ.

ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું કે, સૌના સાથ અને સહકારથી જિલ્લાની વિકાસયાત્રા આગળ ધપાવવાની નેમ સાકાર થઈ રહી છે. તેમણે ચોમાસા પૂર્વે જિલ્લામાં માર્ગ અને મકાન પંચાયત તેમજ રાજય હેઠળના રોડ-રસ્તાઓનું જરૂરી રીસર્ફેસીંગ ઝડપભેર પૂર્ણ કરવા બાબતે સંબંધિત અધિકારીઓને તાકીદ કરી હતી.

જિલ્લા આયોજન મંડળ અંતર્ગત મંજૂર કરવામાં આવેલ રકમ દ્વારા થનારા વિકાસના કામોમાં સી.સી. રોડ-રોડ, બ્લોક પેવીંગ રોડ, પાણીની પાઈપલાઈન, ભૂગર્ભ ગટર, પૂર સંરક્ષણ દિવાલ, કોઝ-વે, વોશીંગઘાટ, આંગણવાડી, સ્ટ્રીટ લાઈટ, જાહેર શૌચાલય સહિત વગેરે જેવા માળખાકીય અને જનસુખાકારીના કામોને આવરી લેવામાં આવ્યા છે. આ બેઠકમાં વર્ષ ૨૦૨૨-૨૩થી વર્ષ ૨૦૨૫-૨૬માં મંજૂર કરવામાં આવેલા કામોના પ્રગતિ પત્રકો રજૂ કરવામાં આવ્યા હતા. સમગ્ર બેઠકનું સંચાલન જિલ્લા આયોજન અધિકારી ચૌહાણે કર્યુ હતું.

આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડીયા, અમરેલી નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયા, અન્ય નગરપાલિકાના પ્રમુખો, સુપર ન્યુમરરી આસિસ્ટન્ટ કલેકટર હર્ષિતા ગોયલ, જિલ્લા વિકાસ અધિકારી જાડેજા, અમરેલી પ્રાંત અધિકારી મહેશ નાકીયા, જિલ્લા આંકડા અધિકારી ડી.એ. ગોહિલ, જિલ્લા આયોજન અધિકારી એન.બી. ચૌહાણ, માર્ગ અને મકાન રાજયના ના.કા.ઈ. ધોલાવાલા, અન્ય અધિકારીઓ, બેઠકમાં વર્ચ્યુઅલી રીતે જોડાયેલ તાલુકા વિકાસ અધિકારીઓ, ચીફ ઓફિસરો સહિતના જિલ્લા વહીવટી તંત્રના સંબંધિત અધિકારી- કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.































### બંગાળમાંથી ઘૂસણખોરોનું પલાયન શરૂ

# બાંગ્લાદેશ સરહદે ટોળેટોળા, સરકારની '3D' નીતિથી ફફડાટ

## સરકારની આ કડક વહીવટી કાર્યવાહીના કારણે પશ્ચિમ બંગાળમાં ઘૂસણખોરી અને નાગરિકતાના મુદ્દે રાજકારણ ફરી ગરમાયું છે

પશ્ચિમ બંગાળ,તા.૨૬

પશ્ચિમ બંગાળની ભાજપ સરકાર દ્વારા શરૂ કરાયેલી 'ડિટેક્ટ, ડિલીટ ઍન્ડ ડિપોર્ટ' (ઓળખો, હટાવો અને દેશનિકાલ કરો)નીતિ બાદ હવે ગ્રાઉન્ડ લેવલ પર મોટી વહીવટી કાર્યવાહી શરૂ થઈ ગઈ છે. સરકારના આ કડક અભિયાનના ડરથી બાંગ્લાદેશ સરહદના અલગ-અલગ વિસ્તારોમાં ગેરકાયદેસર રીતે રહેતા બાંગ્લાદેશીઓની મોટી ભીડ જામવા લાગી છે. ઉત્તરી ૨૪ પરગણા અને માલદા જિલ્લામાંથી સામે આવેલા દશ્યો સાબિત કરે છે કે, સરકાર હવે માત્ર રાજકીય નિવેદનો આપવાને બદલે કડક એક્શન લઈ રહી છે.

ઉત્તરી ૨૪ પરગણાના બશીરહાટ વિસ્તારમાં આવેલા હકીમપુર ચેકપોઈન્ટ પર મંગળવારે સવારે ૧૦૦થી વધુ બાંગ્લાદેશી પુરુષો અને મહિલાઓ એકઠા થયા હતા. આ તમામ લોકો ઈન્ટરનેશનલ બોર્ડર પાર કરીને જાતે જ પાછા બાંગ્લાદેશ જવા માંગતા હતા. પોલીસના હાથે પકડાઈ જવાના ડરથી અને સરકાર દ્વારા શરૂ કરાયેલા હોલ્ડિંગ સેન્ટરોના કારણે ગેરકાયદે રહેતા આ લોકો પોતે જ સરહદે પહોંચી રહ્યા છે. સરહદ પર આ ભીડ મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીના એ એલાન પછી જોવા મળી છે, જેમાં તેમણે ઘૂસણખોરોને પકડવા માટે 'ડિટેક્ટ, ડિલીટ ઍન્ડ ડિપોર્ટ' (ઓળખો, રદ કરો અને દેશનિકાલ કરો)ની નવી પોલિસીની જાહેરાત કરી હતી.

BSFના ઉચ્ચ અધિકારીઓ સાથેની બેઠકમાં મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ સ્પષ્ટ કર્યું હતું કે, જે લોકો નાગરિકતા (સંશોધન) અધિનિયમ એટલે કે CAAના કાયદાકીય દાયરામાં નથી આવતા, તેમને ગેરકાયદે ઘૂસણખોર માનવામાં આવશે. પોલીસ આવા લોકોને પકડીને મ્જીહ્લને સોંપશે. આ માટે રાજ્ય સરકારે જિલ્લાઓમાં હોલ્ડિંગ સેન્ટર બનાવવાની પ્રક્રિયા પણ શરૂ કરી દીધી છે, જેથી શંકાસ્પદ લોકોને ત્યાં થોડો સમય રાખી શકાય. માલદા દેશનો એવો પહેલો જિલ્લો બન્યો છે જ્યાં આવું હોલ્ડિંગ સેન્ટર કાર્યરત થઈ ગયું છે.માલદાના ઈંગ્લિશ બજાર શહેરના ચંદન પાર્કમાં બનેલા આ સેન્ટરમાં હાલમાં ૩ મહિલાઓ અને ૬ સગીર સહિત ૯ શંકાસ્પદ બાંગ્લાદેશી નાગરિકોને રાખવામાં આવ્યા છે. આ સેન્ટર પર ૨૪ કલાક સીસીટીવી (CCTV) કેમેરાથી નજર રાખવામાં આવી રહી છે. તેમજ ૧૨ પોલીસ કર્મચારીઓ, સિવિલ ડિફેન્સ સ્ટાફ અને મદદગારો તહેનાત કરવામાં આવ્યા છે. અહીં શંકાસ્પદ લોકોના દસ્તાવેજોની તપાસ કરીને તેમની નાગરિકતા નક્કી કરવામાં આવે છે. આ નવી વ્યવસ્થા હેઠળ કોઈપણ શંકાસ્પદ વ્યક્તિને ૩૦ દિવસ સુધી કસ્ટડીમાં રાખી શકાશે, જ્યાં તેમની બાયોમેટ્રિક વિગતો લઈને સેન્ટ્રલ ડેટાબેઝમાં અપલોડ કરવામાં આવશે.

સરકારના આ કડક પગલાંને નવા 'ઈમિગ્રેશન ઍન્ડ ફોરેનર્સ ઍક્ટ' સાથે જોડવામાં આવી રહ્યું છે, જેણે જૂના કાયદાઓનું સ્થાન લીધું છે. આ નવો કાયદો દેખરેખ અને દેશનિકાલ માટે સંપૂર્ણપણે ટૅક્નોલૉજી આધારિત માળખું પૂરું પાડે છે. આ કાયદા હેઠળ હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરના રેક્ના પોલીસ અધિકારીને પણ શંકાસ્પદ ઘૂસણખોરોને વગર વોરંટે ધરપકડ કરવાની સત્તા આપવામાં આવી છે.સરકારની આ કડક વહીવટી કાર્યવાહીના કારણે પશ્ચિમ બંગાળમાં ઘૂસણખોરી અને નાગરિકતાના મુદ્દે રાજકારણ ફરી ગરમાયું છે. ભાજપના નેતાઓએ આ ઝુંબેશને આવકારી છે, જ્યારે ઉત્તરી માલદાના ભાજપ સાંસદ ખગેન મુર્મૂએ જણાવ્યું કે, દેશ અને રાજ્યની સુરક્ષા માટે આ જરૂરી છે કારણ કે બંગાળ રોહિંગ્યા અને આતંકવાદી તત્ત્વોનો અડ્ડો બની ગયું હતું. બીજી તરફ, સરકારે ખાતરી આપી છે કે CAA કાયદા હેઠળ સુરક્ષિત લઘુમતીઓને આનાથી કોઈ નુકસાન નહીં થાય. નિયમો અનુસાર, બાંગ્લાદેશ, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનથી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ પહેલાં ભારત આવેલા હિન્દુ, શીખ, જૈન, બૌદ્ધ, પારસી અને ઈસાઈ સમુદાયના લોકોને સંપૂર્ણ સુરક્ષા આપવામાં આવી છે.

### X હેન્ડલ બ્લોક થતાં સ્થાપક લડી લેવાના મૂડમાં

# કોકરોચ જનતા પાર્ટીનો વિવાદ હાઈકોર્ટ પહોંચ્યો

## આ આદેશ વિરુદ્ધ પ્લેટફોર્મના સ્થાપક અભિજીત દીપકે દિલ્હી હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા છે

નવી દિલ્હી,તા.૨૬

તાજેતરમાં જ સોશિયલ મીડિયા પર જોરદાર ટ્રેન્ડ થયેલી અને લાખો ફોલોઅર્સ મેળવનારી ઓનલાઈન કટાક્ષ ચળવળ કોકરોચ જનતા પાર્ટીના એક્સ (ટ્વિટર) હેન્ડલને કેન્દ્ર સરકાર દ્વારા બ્લોક કરી દેવાયું છે. આ આદેશ વિરુદ્ધ પ્લેટફોર્મના સ્થાપક અભિજીત દીપકે દિલ્હી હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા છે. આ મામલાની સુનાવણી આ સપ્તાહે થવાની સંભાવના છે. મળતી માહિતી મુજબ, ૨૧ મેના રોજ કેન્દ્ર સરકારના આદેશ બાદ કોકરોચ જનતા પાર્ટીનું સત્તાવાર એક્સ હેન્ડલ ભારતભરમાં પ્રતિબંધિત કરી દેવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય સુરક્ષાનો હવાલો આપીને ઈન્ટેલિજન્સ બ્યુરો (IB) ના ઈનપુટ્સના આધારે કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી. સરકારે ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ, ૨૦૦૦ની કલમ ૬૯(A) હેઠળ આ એકાઉન્ટ બ્લોક કરવા કહ્યું છે. આ કલમ સરકારને દેશની સંપ્રભુતા, સુરક્ષા અને જાહેર વ્યવસ્થા જાળવવા માટે કોઈપણ ઓનલાઈન સામગ્રી પર રોક લગાવવાની સત્તા આપે છે. જોકે, ભારત બહારના લોકેશન પરથી હજુ પણ આ એકાઉન્ટ એક્સેસ કરી શકાય છે.આ આખી સોશિયલ મીડિયા મૂવમેન્ટ સુપ્રીમ કોર્ટની એક સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (CJI) સૂર્યકાન્ત દ્વારા કરવામાં આવેલી એક મૌખિક ટિપ્પણી બાદ શરૂ થઈ હતી. એક કેસની સુનાવણી દરમિયાન સિસ્ટમ પર સવાલ ઉઠાવનારાઓ સામે નારાજગી વ્યક્ત કરતા કથિત રીતે સીજેઆઈએ કહ્યું હતું કે, સમાજમાં કેટલાક પરોપજીવીઓ છે જે સિસ્ટમ પર હુમલો કરે છે. કેટલાક યુવાનો વંદા (કોકરોચ) જેવા છે, જેમને વ્યવસાયમાં રોજગાર કે સ્થાન મળતું નથી અને તેઓ સોશિયલ મીડિયા કે આરટીઆઈ એક્ટિવિસ્ટ બની જાય છે.આ ટિપ્પણી બાદ સોશિયલ મીડિયા પર ભારે હોબાળો મચ્યો હતો. વિવાદ વધતા સીજેઆઈએ સ્પષ્ટતા કરી હતી કે, "મેં દેશના બેરોજગાર યુવાનોની ટીકા કરી છે તે વાત તદ્દન ખોટી છે. મેં માત્ર એવા લોકોની ટીકા કરી હતી જેઓ નકલી અને બોગસ ડિગ્રીના આધારે કાયદાકીય વ્યવસાય, મીડિયા કે સોશિયલ મીડિયામાં ઘૂસી ગયા છે અને પરોપજીવીની જેમ કામ કરે છે. મને ભારતના યુવાનો પર ગર્વ છે." બોસ્ટનમાં (અમેરિકા) રહેતા ૩૦ વર્ષીય અભિજીત દીપકે ચીફ જસ્ટિસની કોકરોચ વાળી ટિપ્પણી પર કટાક્ષ કરતું પોસ્ટર બનાવ્યું હતું અને યુવાનો માટે એક ઓનલાઈન મેમ્બરશિપ ફોર્મ જાહેર કર્યું હતું. જોતજોતામાં આ પ્લેટફોર્મ વાયરલ થઈ ગયું અને ઈન્સ્ટાગ્રામ પર તેના ૧૬ મિલિયનથી વધુ ફોલોઅર્સ થઈ ગયા હતા. અભિજીતે મીડિયાને જણાવ્યું કે, આ ટ્રેન્ડ બાદ તેને સતત ધમકીઓ મળી રહી છે અને ભારતમાં રહેતા તેના પરિવારની સુરક્ષાને લઈને તે ખૂબ જ ચિંતિત છે. હવે આ ડિજિટલ સેન્સોરશિપ સામે તે કાયદાકીય લડત લડી રહ્યો છે.

### રાહુલ ગાંધીના નેતૃત્વમાં સાથે લડો

# કોકરોચ જનતા પાર્ટીને કોંગ્રેસ નેતાની 'ગઠબંધન'ની ઓફર

## જો 'કોકરોચ પાર્ટી' તથા રાહુલ ગાંધી સાથે મળી જાય, તો તેઓ વર્તમાન ભાજપ સરકારને સત્તા પરથી હટાવી શકે છે

નવી દિલ્હી,તા.૨૬

સોશિયલ મીડિયા પર અત્યારે 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) ખૂબ જ ટ્રેન્ડ થઈ રહી છે અને લોકોમાં તેની જોરદાર ચર્ચા છે. આ લોકપ્રિયતા જોઈને હવે દેશની સૌથી જૂની રાજકીય પાર્ટી કોંગ્રેસ પણ આ ઓનલાઈન મૂવમેન્ટ સાથે હાથ મિલાવવા ઉત્સુક હોય તેવું લાગી રહ્યું છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા ઉદિત રાજે સીજેપી (CJP)ના સ્થાપક અભિજીત દીપકેને એક ખાસ સલાહ આપતા કહ્યું છે કે, આ સોશિયલ મીડિયા આંદોલનને જો લાંબા સમય સુધી સફળ બનાવવું હોય તો કોઈ મજબૂત રાજકીય પક્ષનો સાથ ખૂબ જરૂરી છે. રાહુલ ગાંધી જ આ આંદોલનને સાચું નેતૃત્વ આપી શકે છે અને જો 'કોકરોચ પાર્ટી' તથા રાહુલ ગાંધી સાથે મળી જાય, તો તેઓ વર્તમાન ભાજપ સરકારને સત્તા પરથી હટાવી શકે છે.ભાજપની ટિકિટ પર દિલ્હીથી લોકસભા સાંસદ રહી ચૂકેલા અને હાલ કોંગ્રેસના નેતા ઉદિત રાજે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર લખ્યું કે, 'સોશિયલ મીડિયા પરથી શરૂ થયેલી કોકરોચ જનતા પાર્ટી (CJP), જેનું નેતૃત્વ અભિજીત દીપકે કરી રહ્યા છે, તે વર્તમાન સરકાર સામે જનતાની નારાજગી અને ગુસ્સાનું પ્રતીક બનીને ઉભરી છે.' જોકે, તેમણે ટકોર પણ કરી કે આવા આંદોલનો લાંબા સમય સુધી ત્યારે જ ટકી શકે, જ્યારે તેઓ કોઈ મજબૂત રાજકીય અને સામાજિક શક્તિઓ સાથે જોડાય જે ભાજપ સરકારનો એક વિશ્વસનીય વિકલ્પ બની શકે.ઉદિત રાજે આ સોશિયલ મીડિયા આંદોલનના જોશને વેડફાતો અટકાવવા માટે તેની કમાન રાહુલ ગાંધીને સોંપવાની સલાહ આપી છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, 'લોકોના આ ગુસ્સા અને દેશની આ ઊર્જાને બંધારણ બચાવવાના એક મોટા આંદોલનમાં બદલવાની તાકાત માત્ર રાહુલ ગાંધીના નેતૃત્વમાં જ છે.

આ સાથે જ તેમણે કોકરોચ પાર્ટીના સ્થાપક દીપકેને યાદ અપાવ્યું કે, તેઓ પોતે એક આંબેડકરવાદી વિચારધારા ધરાવે છે, તેથી તેમણે એ સમજવું જ પડશે કે ભાજપ અને આરએસએસ (RSS)ને રાજકીય તથા લોકતાંત્રિક રીતે હરાવવાની સાચી ક્ષમતા માત્ર કોંગ્રેસ અને રાહુલ ગાંધી પાસે જ છે.'

કોંગ્રેસ પહેલાં મમતા બેનરજીની પાર્ટી તૃણમૂલ કોંગ્રેસે (TMC) આ 'કોકરોચ જનતા પાર્ટી'ને પોતાનો પૂરો સાથ આપી દીધો છે. ટીએમસીના રાજ્યસભા સાંસદ ડેરેક ઓ'બ્રાયને સોશિયલ મીડિયા પર આ અંગેની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, તેમની પાર્ટીના પ્રમુખ મમતા બેનરજી અને રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનરજી આ ઓનલાઇન ઝુંબેશને સંપૂર્ણ સમર્થન આપે છે. આમ, કોંગ્રેસ અગાઉથી જ ટીએમસી આ સોશિયલ મીડિયા મોહિમની પડખે આવીને ઊભી રહી ગઈ છે.અમેરિકાના બોસ્ટનમાં રહેતા અભિજીત દીપકે દ્વારા સ્થાપિત 'કોકરોચ જનતા પાર્ટી' ગત ૧૬ મેના રોજ શરૂ થતાની સાથે જ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ ગઈ હતી. વાસ્તવમાં, સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ સૂર્યકાંતની એક ટિપ્પણી બાદ આ વિવાદ શરૂ થયો હતો, જેમાં તેમણે દેશના બેરોજગાર યુવાનોની સરખામણી કથિત રીતે 'કોકરોચ' સાથે કરી હોવાનો આક્ષેપ થયો હતો. આના વિરોધમાં આ ઓનલાઇન પેજ શરૂ કરાયું હતું. જોકે, હાલમાં કોકરોચ પાર્ટીના તમામ સોશિયલ મીડિયા હેન્ડલ્સ અને વેબસાઈટ બંધ કરી દેવામાં આવ્યા છે, પરંતુ રાજકારણમાં તેની એન્ટ્રી અને ભવિષ્યને લઈને હજુ પણ ઘણા સવાલો ઊભા છે.

### કોકરોચ જનતા પાર્ટી પર કુમાર વિશ્વાસનો કટાક્ષ

# ગંદકીમાં પેદા થતા કોકરોચને મારવાની દવા પણ છે

## દેહરાદૂનમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન તેમણે કોઈનું પણ નામ લીધા વિના એવી ટિપ્પણી કરી છે, જેના કારણે હવે રાજકીય આલમમાં ચર્ચાઓએ જોર પકડ્યું છે

ઉત્તરાખંડ,તા.૨૬

કોકરોચ જનતા પાર્ટીને લઈને કુમાર વિશ્વાસે તંજ કસતા કહ્યુ કે 'નાનપણમાં મારી માતાએ મને કહ્યું હતું કે કોકરોચ એવો જીવ છે, જે ઘરના અંધારા ખૂણાઓમાં રહે છે અને હંમેશા ઝુંડમાં (સાથે) રહે છે.' છેલ્લા કેટલાક દિવસોથી ચર્ચામાં બનેલી કથિત 'કોકરોચ જનતા પાર્ટી'ને લઈને જ્યાં મોટાભાગના નેતાઓ ખુલ્લેઆમ બોલવાનું ટાળી રહ્યા છે, ત્યાં જ ઉત્તરાખંડના પ્રવાસે પહોંચેલા કવિ અને લેખક કુમાર વિશ્વાસે આ મુદ્દે પોતાના અંદાજમાં તીખો કટાક્ષ કર્યો છે. દેહરાદૂનમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન તેમણે કોઈનું પણ નામ લીધા વિના એવી ટિપ્પણી કરી છે, જેના કારણે હવે રાજકીય આલમમાં ચર્ચાઓએ જોર પકડ્યું છે.કુમાર વિશ્વાસે કહ્યું કે, 'નાનપણમાં મારી માતા મને કોકરોચ વિશે સમજાવતી હતી. મારી માતા કહેતી હતી કે કોકરોચ એક એવો જીવ છે, જે ઘરના અંધારા ખૂણામાં રહે છે. તે હંમેશા ઝુંડમાં રહે છે અને ઘરની સારી વસ્તુઓને બગાડે છે. કોકરોચ ગંદકીમાં જન્મે છે અને જ્યાં પણ જાય છે ત્યાં નુકસાન જ કરે છે. જે રીતે ઘરમાં કોકરોચથી બચવા માટે લોકો દવાનો ઉપયોગ કરે છે, તે જ રીતે દેશમાં પણ જ્યારે કોકરોચ પેદા થઈ ગયા છે, તો તેમને ખતમ કરવા માટે અનેક દવાઓ પણ હાજર છે.'

આ નિવેદન બાદ કાર્યક્રમમાં હાજર લોકોએ જોરદાર તાળીઓ પાડી હતી. કુમાર વિશ્વાસનું આ નિવેદન હવે સોશિયલ મીડિયા પર ઝડપથી વાઈરલ થઈ રહ્યું છે. ઘણા લોકો તેને વર્તમાન રાજકીય માહોલ સાથે જોડીને જોઈ રહ્યા છે, જ્યારે કેટલાક લોકો તેને માત્ર વ્યંગ્ય અને કટાક્ષની શૈલી ગણાવી રહ્યા છે. જો કે, તેમણે કોઈ પક્ષ કે વ્યક્તિ વિશેષનું નામ લીધું નથી, તેમ છતાં તેમના આ નિવેદનને લઈને રાજકીય ચર્ચાઓ સતત વધી રહી છે.હાલના સમયમાં કુમાર વિશ્વાસ ઉત્તરાખંડના પ્રવાસે છે, અને ત્યાં અલગ-અલગ કાર્યક્રમોમાં ભાગ લઈ રહ્યા છે. પોતાના વકતવ્યોમાં તેઓ સામાજિક અને રાજકીય મુદ્દા પર ખુલ્લેઆમ પોતાના વિચારો વ્યક્ત કરતા જોવા મળે છે. દેહરાદૂનમાં આપવામાં આવેલું તેમનું આ નિવેદન પણ હવે ભારે ચર્ચાનો વિષય બન્યું છે.

# પીરિયડ્સના કારણે દીકરીઓનું ભણતર ન બગડવું જોઈએ : સુપ્રીમ કોર્ટે

## અગાઉ સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને રાજ્યોને આ દિશાનિર્દેશો લાગુ કરવા માટે ત્રણ મહિનાનો સમય આપ્યો હતો

નવી દિલ્હી,તા.૨૬

શાળાઓમાં ભણતી દીકરીઓના સ્વાસ્થ્ય અને સુવિધાને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટે એક ખૂબ જ મહત્ત્વનો આદેશ આપ્યો છે. કોર્ટે દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને કડક સૂચના આપી છે કે આગામી ૧૫ ઓગસ્ટ સુધીમાં દરેક શાળામાં માસિક ધર્મ સ્વચ્છતા (મેન્સ્ટ્રૂઅલ હાઈજીન)ને લગતી તમામ સુવિધાઓ પૂરી પાડવામાં આવે. આ વ્યવસ્થા ગોઠવ્યા બાદ સરકારે તેના પાલનનો રિપોર્ટ પણ કોર્ટમાં જમા કરાવવો પડશે, જેથી દીકરીઓને શાળાઓમાં કોઈ તકલીફ ન પડે અને તેઓ વિના સંકોચે પોતાનો અભ્યાસ ચાલુ રાખી શકે.જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ આર. મહાદેવનની બેન્ચે સ્પષ્ટ કર્યું છે કે આ બાબતની આગામી સુનાવણી સપ્ટેમ્બર મહિનામાં હાથ ધરવામાં આવશે, જેમાં કયા રાજ્યે કેટલું કામ કર્યું છે તેની સમીક્ષા કરાશે.

આ સમગ્ર મામલો કોંગ્રેસ નેતા જયા ઠાકુર દ્વારા દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજી (PIL) પર આધારિત છે. આ અરજીમાં શાળાઓમાં વિદ્યાર્થિનીઓ માટે મફત સેનિટરી નેપકિન અને કાર્યરત શૌચાલયો પૂરા પાડવાના અગાઉના ચુકાદાના અમલીકરણની સ્થિતિની તપાસ કરવામાં આવી રહી છે. અગાઉ સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને રાજ્યોને આ દિશાનિર્દેશો લાગુ કરવા માટે ત્રણ મહિનાનો સમય આપ્યો હતો, જેમાં જાગૃતિ કાર્યક્રમો અને કચરાના સુરક્ષિત નિકાલની વ્યવસ્થા પણ સામેલ હતી.કોર્ટની સુનાવણી દરમિયાન અરજદારે કેન્દ્ર સરકારના રિપોર્ટ સામે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે સરકારે કોર્ટમાં જે જવાબ રજૂ કર્યો છે, તેમાં ખરેખર શું કામ થયું છે તેનો કોઈ સાચો અહેવાલ જ નથી. સરકાર માત્ર ભવિષ્યમાં શું કરશે, કેવા સુધારા લાવશે અને આગળનો પ્લાન શું છે તેની જ વાતો કરી રહી છે, જેને કોર્ટના આદેશનું સાચું પાલન ન કહી શકાય. ચિંતાની વાત તો એ છે કે દેશના તમામ રાજ્યોમાંથી અત્યાર સુધી માત્ર એકલા ચંદીગઢ કેન્દ્રશાસિત પ્રદેશે જ આ સુવિધાઓ પૂરી પાડી હોવાનો અહેવાલ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો છે.

અરજીમાં નીતિ આયોગના વર્ષ ૨૦૨૬ના એક ચોંકાવનારા અહેવાલનો હવાલો આપવામાં આવ્યો છે. આ રિપોર્ટ અનુસાર, દેશની ૯૮,૫૯૨ સરકારી શાળાઓમાં વિદ્યાર્થિનીઓ માટે કાર્યરત શૌચાલયો જ નથી, જ્યારે ૬૧,૫૪૦ શાળાઓ એવી છે જ્યાં ઉપયોગ કરી શકાય તેવું એક પણ શૌચાલય નથી. આ ઉપરાંત રાજ્યો દ્વારા આ યોજના માટે પૂરતું બજેટ પણ ફાળવવામાં આવતું નથી. ઉદાહરણ તરીકે, મધ્યપ્રદેશ સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે આખા રાજ્યની શાળાઓમાં સેનિટરી પ્રોડક્ટ્સ સપ્લાય કરવા માટે માત્ર રૂ. ૬૦ લાખની નજીવી રકમ ફાળવી છે. વળી, શાળાઓમાં કાયમી સફાઈ કર્મચારીઓની પણ ભારે અછત છે.સુપ્રીમ કોર્ટે અગાઉ આપેલા પોતાના ઐતિહાસિક ચુકાદામાં બંધારણની કલમ ૨૧ હેઠળ જણાવ્યું હતું કે, માસિક ધર્મ (પીરિયડ્સ) દરમિયાન સ્વચ્છતા અને જરૂરી સુવિધાઓ મેળવવી એ દરેક દીકરીનો બંધારણીય અને મૂળભૂત અધિકાર છે, જે તેના જીવન, સ્વાસ્થ્ય અને શિક્ષણ સાથે સીધો જોડાયેલો છે. કોર્ટે અત્યંત સંવેદનશીલ વાત કહેતા જણાવ્યું કે, પીરિયડ્સના કારણે કોઈ પણ દીકરીનું ભણતર અધવચ્ચે ન છૂટવું જોઈએ. આ જ કારણે કોર્ટે દેશની તમામ સરકારી અને પ્રાઈવેટ શાળાઓ માટે કડક નિયમ બનાવ્યો છે કે તેઓ પોતાની સ્કૂલમાં પાણીની પૂરતી વ્યવસ્થા, હાથ ધોવાની સુવિધા અને સ્વચ્છતાની નિયમિત તપાસ જેવી તમામ જરૂરી સગવડો ફરજિયાતપણે ઊભી કરે.

### મધ્ય પૂર્વમાં ફરી એકવાર ભૌગોલિક રાજકીય સ્થિતિ વણસી

# ઈરાને અમેરિકાનું અત્યાધુનિક MQ-9 રીપર ડ્રોન તોડી પાડ્યું

## આ ઘટના બાદ બંને શક્તિશાળી દેશો વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે

ઈરાન,તા.૨૬

મધ્ય પૂર્વમાં ફરી એકવાર ભૌગોલિક રાજકીય સ્થિતિવણસી છે. ઈરાન ના સુપ્રીમ લીડર મોજતબા ખામેની તરફથી અમેરિકાને આપવામાં આવેલી આકરી ચેતવણી અને ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ દ્વારા અમેરિકન ડ્રોન તોડી પાડવાની ઘટનાએ સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે. આ ઘટના બાદ બંને શક્તિશાળી દેશો વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે.હજ યાત્રાના પવિત્ર પ્રસંગે જારી કરાયેલા એક વિશેષ સંદેશમાં મોજતબા ખામેનીએ પડોશી દેશોને સ્પષ્ટ સંકેત આપ્યા છે. તેમણે જણાવ્યું છે કે, ''આ પ્રદેશમાં અમેરિકાને હવે તેમના લશ્કરી થાણાઓ માટે કોઈ સુરક્ષિત સ્થાન નહીં મળે.'' ખામેનીનું આ નિવેદન મધ્ય પૂર્વી દેશોની એકતા પર ભાર મૂકે છે, જે પ્રાદેશિક સુરક્ષા માળખામાં મોટા ફેરફારના સંકેત આપે છે.મધ્ય પૂર્વમાં સ્થિતિ ત્યારે વધુ ગંભીર બની જ્યારે ઈરાનની સેના IRGC એ અમેરિકાના અત્યાધુનિક MQ-૯ રીપર ડ્રોનને તોડી પાડવાનો દાવો કર્યો. ઈરાની સુરક્ષા દળોના જણાવ્યા અનુસાર, આ ડ્રોન ઈરાની હવાઈ ક્ષેત્રનું ઉલ્લંઘન કરી રહ્યું હતું. નોંધનીય છે કે, યુએસ સૈન્ય દ્વારા ઈરાની રોકેટ લોન્ચ સાઈટ્સ પર કરાયેલા 'રક્ષણાત્મક હુમલા' ના ગણતરીના કલાકોમાં જ ઈરાન તરફથી આ મોટો વળતો પ્રહાર જોવા મળ્યો છે.ઈરાન દ્વારા જારી કરાયેલા સંદેશમાં 'અમેરિકા મુબારક' અને 'ઈઝરાયલ મુબારક' જેવા નારાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેનો હેતુ ઈસ્લામિક વિશ્વની યુવા પેઢીમાં એકીકરણ લાવવાનો છે.

વિશ્લેષકોનું માનવું છે કે, આ આક્રમક વલણ મધ્ય પૂર્વમાં સત્તાના સંતુલનને ફરીથી ગોઠવવાનો એક વ્યૂહાત્મક સંકેત છે. પડોશી દેશો પરનું દબાણ અને પ્રાદેશિક સંગઠનો સાથેની મજબૂત કડીઓ ઈરાનની(Iran) નવી નીતિને છતી કરે છે. જ્યારે અમેરિકા અને તેના સહયોગીઓ આ પડકારોનો સામનો કરવા માટે પોતાની નવી રણનીતિ ઘડી રહ્યા છે, ત્યારે આ પ્રદેશમાં સર્જાયેલો તણાવ વૈશ્વિક સુરક્ષા અને આર્થિક હિતો પર મોટી અસર કરી શકે છે.

### કેન્દ્ર સરકારને ફટકારી નોટિસ

# દિલ્હી જિમખાના ખાલી કરાવવાના આદેશ પર HCની લાલઆંખ

## જો ક્લબ ૫ તારીખે સ્વેચ્છાએ ખાલી ન કરે તો પણ, ખાલી કરાવવા માટેની કાનૂની પ્રક્રિયાનું પાલન ન થાય ત્યાં સુધી કબજો લેવામાં આવશે નહીં

નવી દિલ્હી,તા.૨૬

દિલ્હી હાઈકોર્ટે લુટિયન્સના દિલ્હીના હૃદયમાં સ્થિત જીમખાના ક્લબ દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરી હતી. સુનાવણી દરમિયાન, કેન્દ્રએ જણાવ્યું હતું કે, સરકાર બદલામાં જમીનનો બીજો ટુકડો ઓફર કરી શકે છે. સરકારે ૨૨ મેના રોજ ક્લબને નોટિસ મોકલી હતી. જેમાં ૫ જૂન સુધીમાં જમીન ખાલી કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. જેને ક્લબે હાઈકોર્ટમાં પડકાર્યો છે.સુનાવણી દરમિયાન, ક્લબ વતી દલીલ કરતા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ જણાવ્યું હતું કે, આ કેસમાં પાંચથી છ મુખ્ય મુદ્દાઓ છે. કોર્ટે જવાબ આપ્યો કે તે પહેલા પડકારવામાં આવેલા સરકારી આદેશની સમીક્ષા કરશે. કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરતા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે, જો ક્લબ ૫ તારીખે સ્વેચ્છાએ ખાલી ન કરે તો પણ, ખાલી કરાવવા માટેની કાનૂની પ્રક્રિયાનું પાલન ન થાય ત્યાં સુધી કબજો લેવામાં આવશે નહીં.એસજી તુષાર મહેતાએ જણાવ્યું હતું કે સંપાદન હેઠળની જોગવાઈઓ આ નિયમમાં સમાયેલી છે. વળતર પૈસાના રૂપમાં હોઈ શકે છે અથવા સરકાર જમીનનો બીજો ટુકડો આપી શકે છે. તેમણે કહ્યું કે અમે કાયદા હેઠળ નિર્ધારિત પ્રક્રિયા અનુસાર કામ કરીશું. અમે ફક્ત જઈને તેને ખાલી કરાવીશું નહીં. કોર્ટે એસજી તુષાર મહેતાને પૂછ્યું કે શું તેમનું નિવેદન નોંધી શકાય છે. ક્લબનું પ્રતિનિધિત્વ કરતા અભિષેક મનુ સિંઘવીએ દલીલ કરી હતી કે તે એક બિન-લાભકારી કંપની છે. કોર્ટે તેમને પૂછ્યું કે ક્લબની ફરિયાદ શું છે? શું તમારા સભ્યને કોઈ વિવાદ નથી? એડવોકેટ સિંઘવીએ કહ્યું કે સરકારે આદેશ આપ્યો છે કે જીમખાના ૫ જૂને પોતાની મરજીથી ક્લબને સોંપવામાં આવે, જ્યારે આ મામલો પહેલાથી જ NCLT સમક્ષ છે.

# રાજૌરીમાં ૪ દિવસથી સેના આતંકીઓ વચ્ચે અથડામણ

જમ્મુ,તા.૨૬

જમ્મુના રાજૌરી જિલ્લાના ગંભીર મુગલાન-ડોરીમલ વિસ્તારમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે ચાલી રહેલી ભીષણ અથડામણ આજે ચોથા દિવસમાં પ્રવેશી છે. શનિવારે આ વિસ્તારમાં સુરક્ષા દળોનો પ્રતિબંધિત સંગઠન લશ્કર-એ-તૈયબાના ૨ થી ૩ આતંકવાદીઓ સાથે સામનો થયો હતો. ત્યારથી આ સમગ્ર ક્ષેત્રમાં સેના દ્વારા સઘન સર્ચ અને કોમ્બિંગ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા મુજબ, સોમવારે બપોરે પણ બંને પક્ષો વચ્ચે સામસામે ભારે ગોળીબાર થયો હતો.ગોળીબાર બાદ આતંકવાદીઓ ગાઢ જંગલો અને પહાડોની આડમાં છુપાઈ ગયા છે. સુરક્ષા દળોએ હવે વ્યૂહાત્મક રીતે સમગ્ર ડોરીમલ સેક્ટરની નાકાબંધી કરી દીધી છે. જંગલોમાં છુપાયેલા આતંકીઓનો સફાયો કરવા માટે સેનાના જવાનો, જમ્મુ-કાશ્મીર પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) અને સીઆરપીએફ (CRPF) ની સંયુક્ત ટીમો હાઈ-એલર્ટ પર છે.આતંકવાદીઓ વિરુદ્ધ ચાલી રહેલા આ 'ઓપરેશન શેરુવાલી' ના ચોથા દિવસે સેનાએ પોતાની પકડ વધુ મજબૂત કરી દીધી છે. દુર્ગમ અને ડુંગરાળ ભૌગોલિક સ્થિતિને ધ્યાનમાં રાખીને હવે આ ઓપરેશનમાં અત્યાધુનિક હેલિકોપ્ટર અને સેનાના વિશેષ પેરા કમાન્ડોની મદદ લેવામાં આવી રહી છે. ગઈકાલે જે ચોક્કસ લોકેશન પર આતંકીઓ સાથે મુઠભેડ થઈ હતી, તે ગાઢ જંગલના વિસ્તારોમાં હેલિકોપ્ટર દ્વારા કમાન્ડો ટીમોને એરડ્રોપ કરવામાં આવી રહી છે. આ સિવાય આતંકીઓ ઘેરો તોડીને ભાગી ન જાય તે માટે હાઈ-ટેક ડ્રોન દ્વારા સમગ્ર વિસ્તાર પર ૨૪ કલાક હવાઈ દેખરેખ રાખવામાં આવી રહી છે.ગઈકાલે જે સ્થળે એન્કાઉન્ટર થયું હતું ત્યાં સર્ચ ઓપરેશન દરમિયાન સુરક્ષા દળોને આતંકવાદીઓ દ્વારા છોડી દેવાયેલા શસ્ત્રો, વિસ્ફોટકો અને કેટલીક શંકાસ્પદ સામગ્રી મળી આવી છે. આ ઉપરાંત ઘટનાસ્થળેથી લોહીના નિશાન પણ મળી આવ્યા છે. આના પરથી એવી પ્રબળ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે સેનાની જવાબી કાર્યવાહીમાં ઓછામાં ઓછો એક આતંકવાદી ગંભીર રીતે ઘાયલ થયો છે અને તે જંગલમાં જ ક્યાંક છુપાયેલો છે. જોકે, આ અંગે સેના તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી.હાલમાં સુરક્ષા દળો ઓપરેશનને તેના અંતિમ તબક્કા સુધી પહોંચાડવા અને આતંકીઓનો ખાતમો કરવા માટે પૂરી તાકાતથી ઓપરેશન ચલાવી રહ્યા છે.

### તમિલનાડુના CM વિજયની મોટી જાહેરાત

# ૧૪ લાખથી વધારે ખેડૂતોની ૫૦ હજાર સુધીની લોન માફ કરી

## તમિલનાડુમાં નવી બનેલી ટીવીકે સરકારનું આ પગલું વિધાનસભા ચૂંટણી દરમિયાન કરેલા ચૂંટણીના વાયદામાં સામેલ હતું

ચેન્નઈ,તા.૨૬

તમિલનાડુના મુખ્યમંત્રી સી. જોસેફ વિજયે ખેડૂતો માટે મોટું પગલું ભર્યું છે. થલપતિ વિજયે સોમવારે તમિલનાડુના સીમાંત ખેડૂતો માટે સહકારી બેંક્રોમાંથી લીધેલી ૫૦,૦૦૦ રૂપિયા સુધીની લોનને માફ કરવાની ઘોષણા કરી છે. તેની સાથે જ રાજ્યના મોટા ખેડૂતો માટે પણ ૫૦૦૦ રૂપિયા સુધીની લોન માફ કરવાની જાહેરાત કરી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, આ નિર્ણયથી રાજ્યના ૧૪.૨૨ લાખ ખેડૂતોને લાભ મળશે અને સરકાર પર ૨૦૪૪ કરોડનો વધારાનો આર્થિક બોજ આવશે. તમિલનાડુમાં નવી બનેલી ટીવીકે સરકારનું આ પગલું વિધાનસભા ચૂંટણી દરમિયાન કરેલા ચૂંટણીના વાયદામાં સામેલ હતું.

સમીક્ષા બેઠકમાં લેવાયો મોટો નિર્ણયઃ આ અગાઉ સોમવારે સચિવાલયમાં તમિલનાડુના મુખ્યમંત્રી વિજયના નેતૃત્વમાં એક સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રી આર. વિનોથ, સહકારિતા મંત્રી વી. ગાંધીરાજ, નાણા, યોજના અને વિકાસ મંત્રી એન. મારિયા વિલ્સન અને અન્ય વિભાગીય અધિકારીઓના પરામર્શથી ખેડૂતો માટે પાક વીમાની લોન મુદ્દે સમીક્ષા બેઠક યોજાઈ હતી.

ભારતીય રિઝર્વ બેંકની સરકારી લોન માફી યોજનાઓ માટે મોડલ ઓપરેશનલ ગાઈડલાઈન (૨૮.૧૧.૨૦૨૫) અનુસાર સરકારે આ પગલું ઉઠાવ્યું છે. તેમાં આ શરત છે કે સરકારને પાક વીમા લોનની સંપૂર્ણ રકમ ૪૫થી ૬૦ દિવસની અંદર વિતરિત કરવાની રહેશે. તમિલનાડુ સરકારની વર્તમાન નાણાકીય સ્થિતિ અને ઉપલબ્ધ નાણાકીય સંસાધનોને ધ્યાનમાં રાખતા મુખ્યમંત્રીએ આ પડકારભરી સ્થિતિઓ છતાં ૧ મે ૨૦૨૫ અને ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ની વચ્ચે સહકારી બેંક્રોમાંથી ખેડૂતો તરફથી લેવામાં આવેલી લોનને માફ કરવાનો આદેશ જાહેર કર્યો છે.

આ ઉપરાંત અન્ય મોટા ખેડૂતો માટે પ્રતિ ખેડૂત ૫૦૦૦ રૂપિયાના પાક લોન માફી આપવામાં આવશે, જેમણે સરકારી બેંક્રોના માધ્યમથી પાક લોન લીધેલી છે. આ પાક લોન માફી એ ખેડૂતો માટે અત્યંત લાભકારી સિદ્ધ થશે, જે આગામી ખેતીની સિઝન માટે લોન લેવા માગે છે.

આ કૃષિ લોન માફી યોજના અંતર્ગત ૧ મે ૨૦૨૫ અને ૨૮ ફેબ્રુઆરી વચ્ચે સહકારી બેંક્રોમાંથી લોન મેળવનારા ૧,૪૨૨,૫૫૫ ખેડૂતોને લાભ મળશે. એવું કહેવાયું છે કે આ પહેલના કારણે તમિલનાડુ સરકાર પર ૨,૦૪૪.૪૬ કરોડ રૂપિયાનો વધારાનો બોજ આવશે.

### સ્ટ્રેટ ઓફ હોર્મુઝ અને બંદર અબ્બાસમાં એરસ્ટ્રાઈક

# સીઝફાયર વચ્ચે અમેરિકાએ ઈરાન પર હુમલો કર્યો

## આંતરરાષ્ટ્રીય મીડિયા અહેવાલ અનુસાર ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સની બે બોટ્સ 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' માં દરિયાઈ માઈન્સ બિછાવી રહી હતી

વૉશિગ્ટન, તા.૨૬

મિડલ ઈસ્ટમાં જ્યારે પણ એવું લાગે કે હવે શાંતિ સ્થપાશે, ત્યારે જ કંઈક એવું બને છે જે આખી દુનિયાને ચોંકાવી દે છે. અમેરિકા અને ઈરાન વચ્ચે અત્યારે સીઝફાયર ચાલી રહ્યો છે અને પડદા પાછળ શાંતિ વાટાઘાટોના પ્રયાસો થઈ રહ્યા છે. પરંતુ, આ દરમિયાન જ હોર્મુઝની ખાડી નજીક થયેલા જોરદાર વિસ્ફોટોએ સાબિત કરી દીધું છે કે આ શાંતિ માત્ર કાચની દીવાલ જેવી છે, જે ગમે ત્યારે તૂટી શકે છે.અમેરિકાના સૈન્યની સેન્ટ્રલ કમાન્ડ દ્વારા સોમવારે દક્ષિણ ઈરાનમાં હવાઈ હુમલા કર્યા છે. આંતરરાષ્ટ્રીય મીડિયા અહેવાલ અનુસાર ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સની બે બોટ્સ 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'માં દરિયાઈ માઈન્સ બિછાવી રહી હતી. અમેરિકાને જેવી આ વાતની જાણ થઈ, તેમણે તુરંત જ જવાબી કાર્યવાહી કરી અને બંને બોટ્સને પાણીમાં જ ગરકાવ કરી દીધી.બીજી તરફ, ઈરાનના બંદર અબ્બાસ ખાતે આવેલી સરફેસ-ટુ-એર મિસાઈલ સાઈટ પરથી અમેરિકી ફાઈટર જેટ્સને ટાર્ગેટ બનાવવાનો પ્રયાસ કરાયો હતો. અમેરિકાએ બિલકુલ મોડું કર્યા વિના આખી મિસાઈલ લોન્ચ સાઈટને બોમ્બમારો કરીને નષ્ટ કરી દીધી છે.અમેરિકાનો દાવો છે કે આ હુમલા આત્મરક્ષામાં કરવામાં આવ્યા છે. સોમવારે દક્ષિણ ઈરાનના તટીય વિસ્તારોમાં એકપછી એક અનેક પ્રચંડ ધડાકા સંભળાયા હતા, જેનાથી સ્થાનિક લોકોમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો. અમેરિકાના અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે હાલ પૂરતી આ લશ્કરી કાર્યવાહી પૂર્ણ થઈ ગઈ છે અને તેનો હેતુ માત્ર પોતાના સૈનિકોનું રક્ષણ કરવાનો હતો, સીઝફાયર તોડવાનો નહીં.આ સૈન્ય હુમલા પાછળ માત્ર લશ્કરી કારણો નથી, તેની પાછળ ડોનાલ્ડ ટ્રમ્પની કડક વિદેશ નીતિ અને રાજદ્વારી દબાણ પણ કામ કરી રહ્યું છે. એકતરફ અમેરિકા હુમલા કરી રહ્યું છે, તો બીજી તરફ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર ઈરાન સામે એક કડક શરત મૂકી દીધી છે. ટ્રમ્પે ઈરાનના સંવર્ધિત યુરેનિયમને ''ન્યૂક્લિયર ડસ્ટ'' ગણાવીને અલ્ટીમેટમ આપ્યું છે કે ઈરાને તેનો તમામ જથ્થો કાં તો અમેરિકાને સોંપી દેવો પડશે અથવા આંતરરાષ્ટ્રીય દેખરેખ હેઠળ તેનો નાશ કરવો પડશે.ટ્રમ્પનો પ્લાન માત્ર ઈરાનને દબાવવાનો નથી, પરંતુ તેઓ 'અબ્રાહમ એકોર્ડ્સ'નો પણ મોટો વિસ્તાર કરવા માંગે છે. તેઓ ઈચ્છે છે કે ભવિષ્યના પ્રાદેશિક શાંતિ માળખામાં ઈરાન પોતે પણ સામેલ થાય, પરંતુ તે પહેલાં ઈરાને પોતાના પરમાણુ હથિયારો બનાવવાનો મોહ છોડવો પડશે.

### અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની સ્પષ્ટતા

# ગુજરાતમાં ઈંધણના વેચાણમાં ૮૦ ટકાનો ઉછાળો! સરકારનો દાવો- અછત નથી

## અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના જણાવ્યા અનુસાર, આ સ્થિતિ કોઈ માળખાકીય અછતને કારણે નહીં

અમદાવાદ,તા.૨૬

ગુજરાતમાં હાલમાં પેટ્રોલ-ડીઝલની અછતને લઈને ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. ખોટી અફવાઓ અને પેનિક બાઈંગને કારણે રાજ્યના કેટલાક પેટ્રોલ પંપો પર થોડા સમય માટે સ્ટોક ખાલી થવાની સ્થિતિ સર્જાઈ રહી છે, પરંતુ રાજ્ય સરકાર અને ઓઈલ કંપનીઓએ સ્પષ્ટ કર્યું છે કે ગુજરાતમાં ઈંધણની કોઈ કમી નથી પરંતુ લોકોના પેનિક બાઈંગના કારણે આ સ્થિતિ સર્જાઈ રહી છે.

ગુજરાતમાં છેલ્લા થોડા દિવસોથી કેટલાક વિસ્તારોમાં પેટ્રોલ પંપો પર લાંબી લાઈનો અને નો સ્ટોકના બોર્ડ જોવા મળતા લોકોમાં ચિંતાનો માહોલ હતો. જોકે, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના જણાવ્યા અનુસાર, આ સ્થિતિ કોઈ માળખાકીય અછતને કારણે નહીં, પરંતુ પેનિક બાઈંગ અને તેના કારણે વેચાણમાં થયેલા ૮૦ ટકાથી વધુના માસિક વધારાને લીધે સર્જાઈ છે. જેવો પેટ્રોલ પંપ પર નવો સ્ટોક આવે છે, તે તરત જ વેચાઈ જાય છે. જેને કારણે ટર્મિનલ પરથી નવો જથ્થો ન આવે ત્યાં સુધીના ટૂંકા ગાળા માટે પંપો ડ્રાય જોવા મળી રહ્યા છે.

રાજ્ય સરકારે સત્તાવાર રીતે સ્પષ્ટતા કરી છે કે, સામાન્ય નાગરિકો માટે વાહનોમાં પેટ્રોલ કે ડીઝલ પુરાવવા પર કોઈ જ પ્રતિબંધ કે મર્યાદા લાદવામાં આવી નથી. ખેતીવાડીના હેતુ માટે બેરલમાં ૨૦૦ લીટર સુધી ડીઝલ આપવાની મંજૂરી છે. મોબાઈલ ટાવર્સ માટે ૧,૦૦૦ લીટર સુધી અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર કે ઔદ્યોગિક જરૂરિયાતો માટે અગાઉના વપરાશના આધારે ડીઝલનો જથ્થો મળતો રહેશે.ઈંધણનો પુરવઠો સતત જળવાઈ રહે તે માટે પુરવઠા વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી છે. દરેક જિલ્લામાં કયા પેટ્રોલ પંપ પર સ્ટોક ઓછો છે તેનું રીઅલ-ટાઈમ મેપિંગ કરવામાં આવી રહ્યું છે. IOCL, BPCL અને HPCL જેવી સરકારી ઓઈલ કંપનીઓ સાથે રોજ સમીક્ષા બેઠક યોજીને જ્યાં સ્ટોક ઓછો હોય ત્યાં પ્રાધાન્યના ધોરણે ટેન્કરો રવાના કરવા સૂચના અપાઈ છે. વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા તમામ જિલ્લા સપ્લાય ઓફિસરોને ઈન્વેન્ટરી પર નજર રાખવા અને ઈંધણના ગેરકાયદે વેચાણ કે સંગ્રહખોરી સામે કડક પગલાં લેવા આદેશ અપાયા છે.

રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને પુરવઠાની સ્થિતિ એકદમ સામાન્ય છે. સોશિયલ મીડિયા પર ઈંધણની અછત અંગે ચાલી રહેલી ખોટી અફવાઓ પર નાગરિકોએ વિશ્વાસ ન કરવો અને જરૂરિયાત પૂરતું જ ઈંધણ ખરીદવા માટે અપીલ કરવામાં આવી છે. સરકારે ઉમેર્યું છે કે જો કોઈ વિસ્તારમાં પેટ્રોલ પંપ ડ્રાય થવાની ફરિયાદ મળે છે, તો તંત્ર અને ઓઈલ કંપનીઓ દ્વારા તાત્કાલિક તેની ખરાઈ કરીને ત્યાં નવો જથ્થો પહોંચાડવામાં આવી રહ્યો છે. આથી જનતાએ ગભરાવાની કોઈ જરૂર નથી.

### 3 ધર્મોનું કેન્દ્ર બનાવવાની ચર્ચાથી ખળભળાટ

# અલ-અક્સા મસ્જિદ પર અમેરિકા-ઇઝરાયલનો ગુપ્ત માસ્ટરપ્લાન

## આ પરિસરમાં યહૂદીઓને સમાન અધિકાર અને મોટા સમૂહમાં સત્તાવાર રીતે પ્રાર્થના કરવાની મંજૂરી આપવાની વાત છે

નવી દિલ્હી,તા.૨૬

યરૂસલેમમાં આવેલી મુસ્લિમોની પવિત્ર અલ-અકસા મસ્જિદના ભવિષ્યને લઈને એક આંતરરાષ્ટ્રીય મીડિયા રિપોર્ટમાં સનસનાટીભર્યો દાવો કરવામાં આવ્યો છે. મિડિલ ઈસ્ટ આઈના અહેવાલ અનુસાર, અમેરિકા અને ઈઝરાયલ મળીને આ મસ્જિદ પરથી જોર્ડનની સદીઓ જૂની સંરક્ષક તરીકેની ભૂમિકા ખતમ કરવાની યોજના બનાવી રહ્યા છે. જોકે, આ વિવાદ સામે આવ્યા બાદ અમેરિકાએ સત્તાવાર રીતે આ અહેવાલોને સંપૂર્ણપણે ખોટા ગણાવીને ફગાવી દીધા છે.

રિપોર્ટમાં દાવો કરાયો છે કે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનર અને ઈઝરાયલમાં અમેરિકી રાજદૂત માઈક હકાબી એક નવી વ્યવસ્થા પર કામ કરી રહ્યા છે. આ યોજના હેઠળ અલ-અકસા મસ્જિદની માત્ર મુસ્લિમ ઓળખ ઓછી કરીને તેને મુસ્લિમ, ખ્રિસ્તી અને યહૂદીઓ માટેના એક મલ્ટી-ફેથ સેન્ટર તરીકે વિકસાવવાનો પ્રસ્તાવ છે. આ પરિસરમાં યહૂદીઓને સમાન અધિકાર અને મોટા સમૂહમાં સત્તાવાર રીતે પ્રાર્થના કરવાની મંજૂરી આપવાની વાત છે. ઈઝરાયલીઓ આ સ્થળને ટેમ્પલ માઉન્ટ તરીકે ઓળખાવે છે. મસ્જિદના ઈમામ અને ધાર્મિક વક્તાઓની નિમણૂક તેમજ શુક્રવારના ધાર્મિક પ્રવચનો (ખુત્બા)ની સામગ્રી પર પણ ઈઝરાયલની મંજૂરી લેવી પડી શકે છે. જોર્ડન સમર્થિત ઈસ્લામિક વકફની ભૂમિકા હટાવીને બહેરીન, ઈજિપ્ત, મોરોક્કો અને યુએઈ (UAE) જેવા દેશોને વારાફરતી આ પરિસરની દેખરેખ સોંપવાનો પ્રસ્તાવ છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, સાઉદી અરેબિયા આ પ્રકારના કોઈપણ પ્રસ્તાવની સખત વિરુદ્ધમાં છે. સાઉદી અરેબિયાનું માનવું છે કે, આ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા જાળવી રાખવા માટે જોર્ડનની સંરક્ષક તરીકેની ભૂમિકા અત્યંત જરૂરી છે. જો જોર્ડનને હટાવવામાં આવશે તો સમગ્ર મિડિલ ઈસ્ટમાં તણાવ અને હિંસા ખૂબ વધી શકે છે.ઐતિહાસિક હકઃ જોર્ડનનો હાશેમી શાહી પરિવાર વર્ષ ૧૯૨૪થી યરૂસલેમના મુસ્લિમ અને ખ્રિસ્તી ધાર્મિક સ્થળોનો સંરક્ષક રહ્યો છે, જેને ૧૯૯૪ની જોર્ડન-ઈઝરાયલ શાંતિ સંધિમાં પણ માન્યતા મળી હતી. વર્તમાન નિયમઃ ૧૯૬૭ના યુદ્ધ પછી બનેલી વ્યવસ્થા મુજબ, મસ્જિદની અંદરની વ્યવસ્થા ઈસ્લામિક વકફ સંભાળે છે અને બહારની સુરક્ષા ઈઝરાયલ પાસે છે. બિન-મુસ્લિમોને ત્યાં જવાની મંજૂરી છે, પરંતુ પ્રાર્થના કરવાનો અધિકાર માત્ર મુસ્લિમોને જ છે.

આ સનસનાટીભર્યા રિપોર્ટ બાદ વ્હાઈટ હાઉસના એક વરિષ્ઠ અધિકારીએ નિવેદન દ્વારા સ્પષ્ટતા કરી છે કે, અમેરિકા જોર્ડન પાસેથી અલ-અક્સાની સંરક્ષક તરીકેની ભૂમિકા છીનવવાનો કોઈ પ્રયાસ કરી રહ્યું નથી. આ રિપોર્ટ સંપૂર્ણપણે ખોટો અને પાયાવિહોણો છે.

### પ્રમાણપત્ર રદ થતાં રાજકીય ગરમાવો

# ભાજપ મહિલા નેતા ST જાતિ બતાવી નપા. પ્રમુખ બન્યા

## 'હિન્દુ રાઠવા' જાતિના બંને પ્રમાણપત્રો તાત્કાલિક અસરથી રદ કરવાનો સર્વાનુમતે મહત્વનો હુકમ કર્યો છે

છોટાઉદેપુર,તા.૨૬

છોટાઉદેપુર સ્થાનિક રાજકારણમાં એક મોટો ભૂકંપ આવ્યો છે. છોટાઉદેપુર નગરપાલિકાના વર્તમાન ભાજપ પ્રમુખ મંજુલાબેન છત્રસિંહ રાઠવાના અનુસૂચિત જનજાતિ (ST) ના જાતિના પ્રમાણપત્રને સત્તાવાર રીતે રદ કરી દેવામાં આવ્યું છે. વિભાગીય વિશ્લેષણ સમિતિ, વડોદરા દ્વારા આ મામલે ખૂબ જ સઘન અને ઊંડી તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસના અંતે સમિતિએ વર્ષ ૧૯૯૯ અને વર્ષ ૨૦૦૦માં ઈસ્યુ કરવામાં આવેલા મંજુલાબેનના 'હિન્દુ રાઠવા' જાતિના બંને પ્રમાણપત્રો તાત્કાલિક અસરથી રદ કરવાનો સર્વાનુમતે મહત્વનો હુકમ કર્યો છે.આ કેસની વિગતો મુજબ, મંજુલાબેન રાઠવા દ્વારા રજૂ કરવામાં આવેલા વિવિધ દસ્તાવેજો અને તેમના શાળાકીય રેકોર્ડની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન ચોંકાવનારો ખુલાસો થયો હતો કે તેઓ મૂળ 'હિન્દુ કોળી' અથવા 'હિંદુ ઢેબરીયા કોળી / ઢે.કોળી' જાતિના છે. ભારતીય બંધારણ અને સરકારના નિયમો અનુસાર આ જાતિનો સમાવેશ અનુસૂચિત જનજાતિ ની સત્તાવાર યાદીમાં થતો નથી. આથી તેઓ કાયદેસર રીતે આ અનામત વર્ગનો લાભ મેળવવા પાત્ર ઠરતા નથી તેવું સમિતિ સમક્ષ સાબિત થયું હતું.અત્રે ઉલ્લેખનીય છે કે, મંજુલાબેને આ જ 'હિન્દુ રાઠવા' જાતિના દાખલાનો ઉપયોગ કરીને વર્ષ ૨૦૨૫માં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાગ લીધો હતો. તેઓ છોટાઉદેપુર નગરપાલિકાના વોર્ડ નંબર-૪ની અનુસૂચિત જનજાતિની સ્ત્રી અનામત બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા અને વિજેતા બન્યા હતા. આ જ બેઠકના આધારે તેઓ નગરપાલિકાના પ્રમુખ પદ સુધી બિરાજમાન થયા હતા, જેથી હવે આ ચુકાદા બાદ તેમના પ્રમુખ પદ અને કાઉન્સિલર પદ પર પણ મોટું કાયદાકીય સંકટ ઊભું થયું છે.વિભાગીય વિશ્લેષણ સમિતિએ પોતાના આદેશમાં માત્ર દાખલો રદ કરીને સંતોષ નથી માન્યો, પરંતુ કડક વલણ અપનાવતા મંજુલાબેનના બંને જાતિ પ્રમાણપત્રોને તાત્કાલિક જપ્ત કરવાનો આદેશ કર્યો છે. આ સાથે જ સદર પ્રમાણપત્રો પર સત્તાવાર રીતે 'રદ કરેલું અને જપ્ત કરેલું' એવો સ્પષ્ટ સિક્કો મારવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ખોટા પુરાવા કે જાતિના આધારે લાભ મેળવનારાઓ માટે આ ચુકાદો એક મોટો દાખલો બેસાડનારો સાબિત થયો છે.આ મામલે સમિતિએ વહીવટી તંત્રને ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાતવર્ગ અધિનિયમ-૨૦૧૮ ની કલમ ૧૧ અને ૧૨ હેઠળ નિયમોનુસારની તમામ કડક અને ફોજદારી કાર્યવાહી કરવા માટે સ્પષ્ટ આદેશો જાહેર કર્યા છે. આગામી દિવસોમાં આ મામલે છોટાઉદેપુર નગરપાલિકાના વહીવટમાં અને સ્થાનિક રાજકીય પક્ષોમાં મોટા ફેરફારો જોવા મળી શકે છે તેમજ આ મામલો સમગ્ર રાજ્યમાં ચર્ચાનો વિષય બન્યો છે.

### વાપીમાં ગુજરાત ATSનો સપાટો

# ગોડાઉનમાં ચાલતી હતી ડ્રગ્સની ફેક્ટરી, બે શખ્સની ધરપકડ

## વાપીના ચલા વિસ્તારમાં આવેલા એક બંગલામાંથી અગાઉ પણ એમડી ડ્રગ્સનો જથ્થો પકડાયો હતો

વાપી, તા.૨૬

ગુજરાતમાં ડ્રગ્સના દૂષણને નાબૂદ કરવા માટે સુરક્ષા એજન્સીઓ સતત એક્શન મોડમાં છે. આ દરમિયાન વાપીના કુંતા ગામે આવેલા એક ગોડાઉનમાં ગુજરાત એટીએસ અને વલસાડ એસઓજીની ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ડ્રગ્સના એક મસમોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. પોલીસે આ દરોડા દરમિયાન ગોડાઉનમાંથી આંતરરાષ્ટ્રીય બજારમાં આશરે ૭૧.૩૧ લાખ રૂપિયાની કિંમતનું ૨.૩૩૭ કિલોગ્રામ મેફેડ્રોન (એમડી ડ્રગ્સ)નો જથ્થો પકડી પાડ્યો છે. આ સાથે જ ડ્રગ્સનું નેટવર્ક ચલાવતા બે સગા નરાધમોની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય એક સૂત્રધાર ફરાર થઈ જતાં તેને વોન્ટેડ જાહેર કરાયો છે.મળતી માહિતી અનુસાર, આ દરોડા દરમિયાન ગોડાઉનમાંથી ૨.૩૩૭ કિલો એમડી ડ્રગ્સની સાથે સાથે ૬૫૮ ગ્રામ અન્ય એક શંકાસ્પદ માદક પદાર્થનો જથ્થો પણ મળી આવ્યો છે. આ પદાર્થ કયો કેમિકલ કે ડ્રગ્સ છે તેની ચોક્કસ પુષ્ટિ કરવા માટે એફએસએલ (હ્લજીન્)ની મદદ લેવામાં આવી રહી છે. આ ઉપરાંત ડ્રગ્સની પડીકીઓ પેક કરવા માટે વપરાતું મિક્ષર મશીન, ડિજિટલ વજનકાંટો, પ્લાસ્ટિકની કોથળીઓ સહિતનો અન્ય તમામ મુદ્દામાલ પોલીસે ઘટનાસ્થળેથી જપ્ત કર્યો છે.પોલીસે કરોડો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી અબ્દુલ કલામ અબ્દુલરબ ખાન (ઉં.વ. ૩૬, રહે. ખારીવાડ, નાની દમણ), મેહુલકુમાર નલીનકુમાર મકવાણા (ઉં.વ. ૪૫, રહે. રાજ રેસીડેન્સી-૧, બલીઠા, વાપી)ની ધરપકડ કરી છે. જ્યારે રાજેશ મુરારી મોર્યા (રહે. ગોકુલધામ રો-હાઉસ, સરીગામ, ઉમરગામ) ફરાર છે.પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપીઓ આ ગોડાઉનનો ઉપયોગ વેરહાઉસ તરીકે કરતા હતા. તેઓ અહીં ડ્રગ્સના મોટા જથ્થામાંથી નાની-નાની પડીકીઓ (ડ્રગ્સના પેકેટ્સ) બનાવતા હતા અને ત્યારબાદ આસપાસના જુદા જુદા વિસ્તારોમાં છૂટક વેચાણ કરીને યુવાધનને નશાના રવાડે ચડાવતા હતા.ઉલ્લેખનીય છે કે, વાપીના ચલા વિસ્તારમાં આવેલા એક બંગલામાંથી અગાઉ પણ એમડી ડ્રગ્સનો જથ્થો પકડાયો હતો, જ્યારે દમણના બામણપૂજા ગામે આવેલા ફાર્મ હાઉસમાંથી આખેઆખું ડ્રગ્સ બનાવવાનું કારખાનું ઝડપાઈ ચૂક્યું છે. વાપી અને દમણના બોર્ડર વિસ્તારો ડ્રગ્સ માફિયાઓ માટે હબ બની રહ્યા હોય તેમ લાગી રહ્યું છે, ત્યારે એટીએસ અને એસઓજીની આ સંયુક્ત કાર્યવાહીથી ડ્રગ્સના સપ્લાયરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# અમરેલી : બ્રહ્માકુમારીઝ દ્વારા ત્રિદિવસીય બાળકો માટેના સમર કેમ્પનું સમાપન








સ્ટેશન રોડ, ગોપી ટોકીઝની બાજુમાં આવેલ હેપીહોમ બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર ખાતે ત્રણ દિવસ સુધી રોજ ૧૩૦ બાળકોએ ભાગ લઈ રાજયોગ મેડીટેશન, યોગાસન, સકારાત્મક વિચારધારા, મૂલ્યલક્ષી શિક્ષણ, આર્ટ અને ક્રાફટ, રમતો અને મેમરીયપાવર વધારવા પ્રવૃતિઓ કરી બાળકોમાં આત્મ વિશ્વાસ, એકાગ્રતા અને સારા સંસ્કારો બાળકોમાં આવ્યા તેમ વાલીઓએ પોતાના પ્રતિભાવમાં જણાવેલ. આ કાર્યક્રમનું ઉદઘાટન બાળ રોગ નિષ્ણાંત ડો. એસ.આર. દવે તથા ડો. નિતિન ત્રિવેદી સનફલાવર સ્કુલના પ્રિન્સિપાલ બિનાબેન ગોંડલિયા બ્ર.કુ. કિંજલબેન, બ્ર.કુ. કંચનબેન, બ્ર.કુ. તૃપ્તિબહેને દિપ પ્રાગટય દ્વારા કેમ્પની શરૂઆત કરાવેલ. કેમ્પમાં ભાગ લેનાર તમામ બાળકોને પ્રોત્સાહન ઈનામો પ્રભુપ્રસાદ અને શુભકામનાઓ આપવામાં આવેલ તથા દર રવિવારે બાળકો માટે આવા કાર્યક્રમો યોજાતા રહેશે. તેમ ફિલ્ડ રીપોટર બ્ર.કુ. આઈ.પી. બારડની યાદી જણાવે છે.

# અમરેલી ખાતે શ્રી ખેડાવાળ બ્રાહ્મણ બોર્ડિંગ ટ્રસ્ટ દ્વારા ''પંચપર્વ'' કાર્યક્રમ યોજાયો













અમરેલી સ્થિત ''શ્રી ખેડાવાળ બ્રાહ્મણ બોર્ડિંગ ટ્રસ્ટ'' સંચાલિત સાત દાયકાથી પણ વધુ જૂની સંસ્થા ''ગં.સ્વ. સંતોકબેન નારણજી દવે (છોડવડી વાળા) ખેડાવાળ બ્રાહ્મણ વિદ્યાર્થી ભવન'' નાં રીનોવેશન બાદ શ્રી ખેડાવાળ બ્રાહ્મણ બોર્ડિંગ ટ્રસ્ટ–અમરેલી દ્વારા પંચપર્વ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમરેલી સ્થિત સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ વિકાસ મંડળ દ્વારા સહયોગી કાર્ય સંપન્ન કરાયું હતું. અમરેલી નજીકનાં ઈશ્વરીયા ગામે મોટા બાની વાડી ખાતે યોજાયેલ આ પંચપર્વ કાર્યક્રમનો શુભારંભ સંસ્થાનાં પ્રમુખ આર.પી. મહેતાની નિશ્રામાં કાર્યક્રમનાં અધ્યક્ષ મનીષભાઈ કે. દવેનાં માર્ગદર્શન હેઠળ તા. ૨૩/૫/૨૦૨૬ને શનિવારે બપોરનાં ત્રણ કલાકથી થયેલ હતો. પ્રથમ તબક્કામાં વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ હતું. જેમાં ૧૪૫ જેટલા વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામો આપી તેમનો ઉત્સાહ વધારવામાં આવ્યો હતો. આ તકે જ્ઞાતિનાં શિક્ષણ ક્ષેત્રનાં અગ્રણીઓ દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓને વિદ્યાર્થીનાં શૈક્ષણિક તેમજ વ્યક્તિત્વ વિકાસ તેમજ કારકિર્દી ઘડતર અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. રાત્રીનાં ભોજન બાદ જ્ઞાતિની વિવિધ પ્રતિભાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. જેમણે ઉપસ્થિત તમામ શ્રોતા જનોને આનંદ વિભોર કરી દીધા હતા. ત્યારબાદ બીજા દિવસે એટલે કે જ્ઞાતિજનોનું સ્નેહમિલન યોજાયું હતું. જેમાં અમરેલી જિલ્લા તેમજ શહેરની ૩૬ જેટલી ધાર્મિક સામાજિક સંસ્થાનાં કાર્યકરોનું સ્નેહમિલન યોજાતા અનેક લોકોએ જૂના સંસ્મરણો વાગોળ્યા હતા તો સાથોસાથ નવી પેઢીને પણ એક બીજાનો પરિચય થવાની સાથોસાથ આપસી સબંધો મજબુત બનાવવાનું ઘડતર પ્રાપ્ત થયું હતું. કાર્યક્રમનાં આગળ નાં તબક્કામાં માતૃ સંસ્થા ગં.સ્વ. સંતોકબેન નારણજી દવે (છોડવડી વાળા) બાજ ખેડાવાળ બ્રાહ્મણ વિદ્યાર્થી ભવન, અમરેલીનાં પુનરનિર્માણ યજ્ઞમાં આહુતિ રૂપે ઉદાર હાથે સહયોગ આપનારા દરેક દાતાનું સન્માન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે વિવિધ રીતે જ્ઞાતિની સેવા કરનાર મહાનુભાવોનું પણ યથોચિત સન્માન કરવામાં આવ્યું હતું. આ ચાર પર્વો દરમિયાન જ્ઞાતિનાં શ્રેષ્ઠીઓ દ્વારા પ્રસંગોચીત ઉદબોધન કરવામાં આવ્યું હતું. પાંચમા તબક્કામાં ''જેના અન્ન ભેગા તેનાં મન ભેગા'' ઉક્તિને સાર્થક કરતા સર્વે જ્ઞાતિજનો દ્વારા સમૂહ ભોજનનો આસ્વાદ લેવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન તબક્કાવાર રીતે પ્રકાશભાઈ જોશી, સૂર્યકાન્તભાઈ પાઠક, ભરતભાઈ મહેતા અને અર્જુનભાઈ દવે દ્વારા તેમની રસાળ શૈલીમાં કરવામાં આવ્યું હતું. આમ, સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ જ્ઞાતિનાં સૂત્ર ''એક હૃદય હો જ્ઞાતિબંધુ'' ને સાર્થક કરતો આ પંચપર્વ કાર્યક્રમ સફળતા પુર્વક સંપન્ન થયો હતો. કાર્યક્રમને સફળ બનાવવામાં શ્રી ખેડાવાળ બ્રાહ્મણ બોર્ડિંગ ટ્રસ્ટ –અમરેલી તથા સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ વિકાસ મંડળ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

## પાના ૧ ઉપરનું ચાલું 3 એશિયાટીક સિંહબાળનાં મોત

સિંહબાળનાં મોત નોંધાયા હતા. હાલ મળતી માહિતી અને પ્રાથમિક તપાસનાં આધારે બેબસીયા પ્રકારનાં ચેપીજન્ય રોગની શકયતા સામે આવી રહી છે. જોકે તમામ સેમ્પલનાં રિપોર્ટ બાદ જ ચોક્કસ કારણ જાહેર કરવામાં આવશે.

વન વિભાગ દ્વારા અતિ દુર્લભ એશિયાટિક સિંહોની સુરક્ષા માટે સતત મોનીટરીંગ અને હેલ્થ સર્વેલન્સ હાથ ધરવામાં આવી રહ્યાં છે. ખાસ કરીને ગીર પૂર્વ અને ગીર પશ્ચિમનાં સંવેદનશીલ વિસ્તારોમાં વેટરનરી ટીમો, ટ્રેકર્સ અને રેસ્કયુ સ્ટાફને એલર્ટ પર મુકવામાં આવ્યા છે. બીમાર અથવા અસ્વસ્થ દેખાતા સિંહોની તાત્કાલિક તપાસણી અને સારવારની કાર્યવાહી શરૂ કરવામાં આવી હોવાનું પણ જાણવા મળ્યું છે.

ધારી ગીર પૂર્વનાં ડીસીએફ વિકાસયાદવે ટેલિફોનીક વાતચીતમાં જણાવ્યું હતું કે, હાલની સીઝનમાં અમરેલી જિલ્લામાં એક પણ પુખ્ત સિંહનું મોત નોંધાયું નથી. અને અત્યાર સુધીમાં આશરે ૩૫૦ જેટલા સિંહોની આરોગ્ય તપાસણી કરવામાં આવી છે. અને વન વિભાગ સતત પેટ્રોલિંગ તેમજ હેલ્થ ચેકઅપ કરી રહ્યાં છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગીર વિસ્તારમાં અગાઉ પણ સિંહોમાં ભેદી રોગચાળો ફાટી નીકળ્યો હતો. વર્ષ ૨૦૧૮ દરમિયાન દલખાણીયા રેન્જમાં સિંહોનાં રહસ્યમય મોતથી સમગ્ર રાજયમાં ચકચાર મચી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૧ દરમિયાન ધારી અને ખાંભા પંથકમાં પણ બેબસીયા રોગનાં કારણે સિંહોનાં મોત નોંધાયા હતા. તે વખતે અનેક સિંહોને સારવાર હેઠળ રાખવા પડયા હતા. અને વિશેષ મેડિકલ કેમ્પેઈન ચલાવવામાં આવ્યું હતું.

હાલમાં ફરી એકવાર સિંહબાળનાં મોતનો મામલો સામે આવતા વન વિભાગ વધુ સતર્ક બન્યું છે. ગીરનાં કોર તથા બફર ઝોનમાં સતત નજર રાખવામાં આવી રહી છે. નિષ્ણાંતોની ટીમ દ્વારા રોગચાળો વધુ ન ફેલાય તે માટે જરૂરી નમૂનાઓ એકત્ર કરી લેબોરેટરીમાં મોકલવાની પ્રક્રિયા પણ હાથ ધરાઈ છે.

રાજયનાં ગૌરવ સમાન એશિયાટિક સિંહોની સુરક્ષા અને આરોગ્ય જળવાઈ રહે તે માટે રાજય સરકાર તથા વન વિભાગ દ્વારા વિશેષ કાળજી લેવામાં આવી રહી હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૩૧૫ | ૧૫૭૦ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૧૨૦ | ૧૩૫૦ |
| ૩ | શિંગ મોટી | ૧૦૫૦ | ૧૫૬૫ |
| ૪ | શિંગદાણા | ૧૮૧૫ | ૧૯૧૫ |
| ૫ | શિંગદાણા ફાડા | ૧૩૦૦ | ૧૭૫૫ |
| ૬ | તલ સફેદ | ૧૪૦૦ | ૨૫૧૦ |
| ૭ | તલ કાળા | ૨૨૪૫ | ૩૫૭૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૨૨૭૫ | ૨૩૩૫ |
| ૯ | બાજરો | ૩૧૦ | ૪૭૫ |
| ૧૦ | જુવાર | ૪૫૦ | ૮૯૫ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૭૫ |
| ૧૨ | ઘઉં લોકવન | ૪૦૫ | ૫૦૦ |
| ૧૩ | મગ | ૯૭૫ | ૧૬૯૦ |
| ૧૪ | અડદ | ૯૨૦ | ૧૪૯૫ |
| ૧૫ | ચણા | ૯૧૦ | ૧૧૮૦ |
| ૧૬ | ચણા દેશી | ૧૦૭૦ | ૧૧૫૦ |
| ૧૭ | સફેદ ચણા | ૯૦૦ | ૧૧૫૦ |
| ૧૮ | છોલે ચણા | ૧૨૮૦ | ૧૨૮૦ |
| ૧૯ | તુવેર | ૭૦૦ | ૧૫૦૦ |
| ૨૦ | કપાસ | ૧૦૨૫ | ૧૯૮૫ |
| ૨૧ | એરંડા | ૧૦૩૫ | ૧૨૯૫ |
| ૨૨ | જીરૂ | ૨૫૦૦ | ૩૯૧૫ |
| ૨૩ | રાય | ૧૨૨૫ | ૧૨૬૦ |
| ૨૪ | ઈસબગુલ | ૧૪૩૦ | ૧૭૦૦ |
| ૨૫ | ધાણા | ૨૩૯૦ | ૨૩૯૦ |
| ૨૬ | ધાણી | ૨૧૦૦ | ૨૫૦૦ |
| ૨૭ | અજમા | ૧૫૦૦ | ૨૦૪૦ |
| ૨૮ | મેથી | ૯૩૦ | ૧૩૨૦ |
| ૨૯ | સોયાબીન | ૧૩૯૫ | ૧૫૦૦ |
| ૩૦ | રજકાનું બી | ૩૦૦૦ | ૫૪૫૦ |

## પાના ૧ ઉપરનું ચાલું જીવનજરૂરી ચીજવસ્તુઓનાં ભાવમાં

પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો થતા લોકો કારમી મોંઘવારીમાં સપડાઈ ગયા છે. છેલ્લા એક જ મહિનામાં સાબુ, શેમ્પુ, ટૂથપેસ્ટ, કરિયાણું, ફ્રૂટ, શાકભાજી વગેરે જેવી રોજિંદી જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવમાં બેથી દસ ટકા સુધીનો વધારો થયો છે. નોકરિયાત, મધ્યમ અને નિમ્ન મધ્યમ વર્ગની આવકમાં વધારો થયો નથી, તેની સામે દિનપ્રતિદિન ખર્ચમાં વધારો થતાં બે છેડા ભેગા કરવા કપરું બની ગયું છે. અમેરિકા-ઈરાનના યુદ્ધને ૯૦ દિવસ થવા આવ્યા છે અને આ યુદ્ધ ક્યારે સમેટાશે તે અંગે આગાહી થઈ શકે તેમ નથી ત્યારે આગામી દિવસોમાં પરિસ્થિતિ વધુ કપરી બને તેવી દહેશત વેપારીઓ વ્યકત કરી રહ્યા છે. તાજેતરમાં દૂધમાં બે રૂપિયા, પેટ્રોલ-ડીઝલના ભાવમાં ચાર દિવસમાં બે વાર અને CNGના ભાવ વધારાથી તમામ ક્ષેત્રો પર તેની વિપરીત અસર થઈ છે. સરકારી આંકડાઓ જોઈએ તો દેશમાં મોંઘવારી ૪૨ મહિનાની ટોચે પહોંચી ગઈ છે. એપ્રિલ-૨૦૨૬માં હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ(WPI)નો દર ૮.૩ ટકા જયારે સપ્ટે-૨૦૨૪ પછી કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ(CPI) ૩.૪૮ ટકાની સપાટીએ પહોંચી ગયો છે. એટલે કે, મોંઘવારી છેલ્લા ૨૨ મહિનાની ટોચે પહોંચી છે. હજુ પણ વૈશ્વિક કટોકટી-યુદ્ધની સ્થિતિ યથાવત રહી તો મોંઘવારીનો દર ૪.૪ ટકાને આંબી જવાની દહેશત વ્યક્ત થઈ રહી છે. યુદ્ધની યુદ્ધ લંબાશે તેવા ભયથી ગ્રાહકો સાવચેતી દાખવી કરકસરના ભાગ રૂપે ખરીદીથી દૂર રહેવા લાગ્યા છે. સામાન્ય રીતે માગ અને પુરવઠાને આધારે મોંઘવારીમા વધ-ઘટ થતી હોય છે, પરંતુ આજના વૈશ્વિકરણના યુગમાં દરેક જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ એક બીજા પર આધારિત હોવાથી માત્ર રોજિંદી વપરાશની જ ચીજો નહીં, કાચા માલ, ટ્રાન્સપોર્ટેશન વગેરેમાં ભાવ વધારો થતા સરવાળે સામાન્ય વર્ગને મોંઘવારીનો માર સહન કરવો પડી રહ્યો છે. અલબત્ત, અમદાવાદના બજારોમાંથી મિશ્ર અહેવાલો સાંપડી રહ્યા છે. અનાજ-કઠોળના વેપારી કમલેશ પટેલ કહે છે કે, બજારમાં પુરતો માલ છે, પરંતુ ઘરાકી નથી. અનાજ ભરવાની સિઝન હોવા છતાં માલ પડી રહ્યો છે. કારણ કે, નવી પેઢીમાં આખા વર્ષનું અનાજ-કઠોળ ભરવાનું ચલણ જ નથી. જરૂરિયાત મુજબની ખરીદીની માનસિકતાને કારણે રિટેઈલ માર્કેટમાં એક કિલોનો ભાવ વધારો તેમને નડતો નથી. ઘઉં ભરવાની સિઝન ચાલી રહી છે, પરંતુ ખેડૂતો પાસે ૪૦ ટકા જથ્થો પડી રહ્યો છે! બીજીતરફ અફઘાનિસ્તાન, ઈરાન, તુર્કી અને તઝાકિસ્તાન જેવા દેશોમાંથી આવતી હિંગ સહિતના મરી, લવિંગ સહિતના તેજાના અને સૂકા મેવાના ભાવમાં ફેબ્રુઆરી પછી ૩૦થી ૩૫ ટકાનો ભાવ વધારો થયો હોવાનું જણાવતા વેપારી હિરેન ગાંધી ભાવમાં હજુ ઉછાળો આવવાની શક્યતા વ્યક્ત કરતા કહે છે કે, જન્માષ્ટમી અને રક્ષાબંધન સહિતના આગામી તહેવારોના ઓર્ડર અત્યારથી જ બુક કરાવવા પડે, પરંતુ બેન્કિંગ સેવા ખોરવાઈ ગઈ હોવાથી પેમેન્ટ થઈ શકશે નહીં અને માલ આવશે નહીં.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૫૦ | ૧૬૨૫ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૩૦ |
| ૩ | શીંગ દાણા | ૧૫૫૦ | ૧૮૫૦ |
| ૪ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૦૬ |
| ૫ | તલ કાળા | ૨૬૫૦ | ૩૪૦૦ |
| ૬ | જીરૂ | ૩૦૦૦ | ૩૫૭૦ |
| ૭ | કપાસ | ૧૪૦૦ | ૧૮૨૫ |
| ૮ | ઘઉં લોકવન | ૪૪૦ | ૪૯૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૨૦ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૪૮૦ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૯૬૦ |
| ૧૨ | મકાઈ | – | ૪૫૦ |
| ૧૩ | મગ | ૧૫૫૦ | ૧૭૦૦ |
| ૧૪ | અડદ | ૧૫૦૦ | ૧૬૦૮ |
| ૧૫ | ચણા | ૧૧૦૦ | ૧૧૬૩ |
| ૧૬ | દેશી ચણા | ૧૦૦૦ | ૧૧૨૦ |
| ૧૭ | તુવેર | ૧૧૦૦ | ૧૩૫૦ |
| ૧૮ | એરંડી | ૧૨૦૦ | ૧૨૬૮ |
| ૧૯ | મેથી | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ૨૦ | રાય/રાયડો | ૧૨૫૦ | ૧૪૦૦ |
| ૨૧ | ધાણા | ૨૦૦૦ | ૨૪૦૦ |

## પાના ૮ ઉપરનું ચાલું મધમાખીઓનો આંતક

કેન્સરની ગંભીર બીમારીથી પીડિત છે અને પરિવાર આર્થિક સંકડામણનો સામનો કરી રહ્યો છે, તેવામાં છેલ્લા એક મહિનાથી તેમના ઘર નજીક આવેલા લીમડાના વૃક્ષ પર મોટી મધમાખીઓએ ડેરા જમાવ્યા છે.

આજરોજ સવારે પરિવારના એક મહિલા લીમડાના વૃક્ષ નીચે બેઠા હતા, ત્યારે અચાનક મધપૂડામાંથી ૧૦ થી ૧૨ મધમાખીઓએ તેમના પર હુમલો કરી દીધો હતો. મહિલાએ જીવ બચાવવા બાથરૂમ તરફ દોટ મૂકી હતી. આ કટોકટીની પળે ભોળાભાઈએ અદ્ભુત સમય સૂચકતા વાપરી પાણીની મોટર ચાલુ કરી પાઈપ વડે પાણીનો મારો ચલાવ્યો હતો, જેના કારણે મધમાખીઓ વિખેરાઈ ગઈ હતી અને મહિલાનો બચાવ થયો હતો. જો કે, મહિલાને શારીરિક ઈજાઓ પહોંચી છે.

આ ઘટનાથી પરિવારમાં, ખાસ કરીને નાના ભૂલકાઓમાં ભારે દહેશત વ્યાપી ગઈ છે. ભોળાભાઈએ આ અંગે નગરપાલિકાના સદસ્યને રજૂઆત કરતાં તેમણે 'આ અમારા કાર્યક્ષેત્રમાં ન આવે, વન વિભાગનો સંપર્ક કરો' કહીને જવાબદારીમાંથી હાથ ધોઈ નાખ્યા હતા. ત્યારબાદ ભોળાભાઈએ વન વિભાગનો સંપર્ક સાધતા, ત્યાંથી કોઈ સરકારી મદદ આપવાના બદલે એક ખાનગી વ્યક્તિનો નંબર પધરાવી દેવાયો હતો. દુર્ભાગ્યે, તે ખાનગી વ્યક્તિનો સંપર્ક કરતાં જાણવા મળ્યું કે તેઓ હાલ કોઈ સામાજિક પ્રસંગમાં વ્યસ્ત છે.

અત્યંત ગરીબ અને મુશ્કેલીમાં મુકાયેલા આ પશુપાલક પરિવારની વહારે કોઈ ગંભીર ઘટના બને એ પહેલાં તાકીદે કોઈ સરકારી તંત્ર આવશે કે કેમ ? કે પછી તંત્ર પણ કોઈ ગંભીર દુર્ઘટનાની પ્રતિક્ષા કરી રહ્યું છે ? એવા સવાલો સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યા છે. સ્થાનિક રહીશો અને પીડિત પરિવાર વતી વન વિભાગ અથવા સંબંધિત ઉચ્ચ તંત્ર તાત્કાલિક ધોરણે આ જોખમી મધપૂડાને અહીથી દૂર કરે તેવી ઉગ્ર માંગ ઉઠી છે. પિડિતના જણાવ્યા મુજબ સાવરકુંડલાના સીમ વિસ્તારમાં મધમાખી કરડવાના કેસમાં મૃત્યુ થયાના દાખલા પણ જોવા મળેલ છે એમ તેમણે જણાવ્યું હતું વળી માલઢોર પર પણ આ મધમાખીઓ હુમલો કરે તો એનું શું ? એ ચિંતા પણ આ પરિવારને સતાવી રહી છે. હાલ સમગ્ર પરિવાર ભયના ઓથાર હેઠળ જીવી રહ્યો છે અને તંત્ર પાસે આ સમસ્યાનું નિરાકરણ કરવા માટે આજીજી કરી રહ્યો છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૪૦ | ૧૮૭૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૫૫૦ | ૧૬૧૦ |
| ૩ | મગફળી | ૧૨૧૦ | ૧૩૮૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૪૦ | ૨૨૫૦ |
| ૫ | તલ કાળા | ૨૮૬૦ | ૩૧૦૦ |
| ૬ | જીરૂ | ૩૦૧૦ | ૩૪૬૦ |
| ૭ | ચણા | ૧૧૦૫ | ૧૧૪૫ |
| ૮ | ઘઉં | ૪૬૫ | ૫૧૫ |
| ૯ | એરંડા | ૧૦૩૫ | ૧૧૭૫ |
| ૧૦ | મગ | ૧૩૯૦ | ૧૫૩૦ |
| ૧૧ | તુવેર | ૧૧૯૦ | ૧૩૦૦ |
| ૧૨ | ધાણા | ૧૫૭૦ | ૨૪૧૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૭૦૦ |
| ૨ | મગફળી | ૧૨૬૦ | ૧૩૯૫ |
| ૩ | ઘઉં લોકવન | ૩૫૦ | ૪૫૨ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૪૭ | ૪૫૬ |
| ૫ | તુવેર | ૧૨૪૦ | ૧૩૫૦ |
| ૬ | ચણા | ૯૦૦ | ૧૧૧૨ |
| ૭ | મગ | ૧૬૦૫ | ૧૬૦૫ |
| ૮ | સોયાબીન | ૧૩૦૦ | ૧૪૫૦ |
| ૯ | તલ સફેદ | ૧૯૦૦ | ૨૨૫૮ |
| ૧૦ | ધાણા | ૨૦૩૫ | ૨૪૦૦ |
| ૧૧ | શીંગ દાણા | ૧૪૦૦ | ૧૮૬૦ |
| ૧૨ | તલ કાળા | ૨૯૪૦ | ૨૯૪૦ |

## પાના ૧ ઉપરનું ચાલું ભાવનગર–રાજકોટ હાઈવે ઉપર

રૂા. ૬,૬૦,૧૪૦નો મુદામાલ તપાસ અર્થે કબ્જે કરેલ છે તેમજ ફોરવ્હીલ કારના ચાલક જયદિપભાઈ દિલીપભાઈ ગોહીલ વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ ૬૫ (એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) હેઠળ કાર્યવાહી કરેલ. જયારે (૧) જયદીપભાઈ ડાયાભાઈ ચૌહાણ રહે. ગુંદાળા, તા. ગઢડા, (૨) અનીલભાઈ અરૂણભાઈ ગાબુ રહે. રાજકોટ મુળ, રહે. પાળીયાદને પકડવાના બાકી છે.

## પાના ૮ ઉપરનું ચાલું બાબરા પાલિકામાં સત્તા પક્ષનાં

વાળાએ તીખા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, ''જો મહિલા પ્રમુખ પાલિકા કચેરીમાં હાજર રહી કામગીરી સંભાળી શકતા ન હોય અને તેમના સ્થાને પતિઓ જ સત્તા ચલાવે તો મહિલા સશકિતકરણની વાતો માત્ર દેખાડો બની રહેશે.''

તેમણે વધુમાં આક્ષેપ કર્યો હતો કે માત્ર નામના મહિલા સભ્યો બનાવી પાછળથી તેમના સ્વામીઓ દ્વારા સત્તા ચલાવવામાં આવી રહી છે. ''જો મહિલા સભ્યો કામગીરી કરી શકતા નથી તો તેમને ચૂંટણીમાં આગળ શા માટે રાખવામાં આવે છે ?'' તેવો સવાલ પણ તેમણે ઉઠાવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે પાલિકા પ્રમુખ રંજનબેન પરવાડીયા તથા વિરોધ નોંધાવનાર ભાજપના સભ્યો કૌશિક વાળા અને રમેશભાઈ તેરૈયા ત્રણેય વોર્ડ નંબર ૨ માંથી ચૂંટાઈ આવ્યા છે. પ્રમુખના જ વોર્ડમાં પ્રાથમિક સુવિધાઓના અભાવે ભાજપમાં આંતરિક અસંતોષ સપાટી પર આવ્યો હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

જોકે સમગ્ર મામલે રમેશભાઈ પરવાડીયાએ તમામ આક્ષેપોને ફગાવતા જણાવ્યું હતું કે શહેરમાં તમામ વિકાસ કાર્યો ચાલુ છે અને કોઈ પ્રશ્ન નથી. કેટલાક સભ્યો શા માટે નારાજગી વ્યકત કરી રહ્યા છે તે સમજ બહાર હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

હાલ બાબરા નગરપાલિકામાં ભાજપ સામે ભાજપના સભ્યો જ મેદાને ઉતરતા રાજકીય માહોલ ગરમાયો છે. હવે અન્ય વોર્ડોના સભ્યો પણ અવાજ ઉઠાવે છે કે કેમ તેના પર સૌની નજર મંડાઈ છે.

## ટુંકી મુદ્દતની જાહેર હરરાજી

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, અમરેલી જિલ્લાના કુંકાવાવ–વડીયા તાલુકાના દેવળકી ગામે ગ્રામ પંચાયત હસ્તકનો પા.પુ. મોટર, લેમ્પ, સ્ટ્રીટલાઈટનો માલ–સામાન, સ્ટાર્ટર, કેબલ, વાલ્વ, પાઈપલાઈન (લોખંડ/PVC) તથા પ્લાસ્ટિક, પતરા, ખુરશી, બેટરી વિગેરે ડેડસ્ટોક જેવો અતિ જુનો બિન ઉપયોગી માલ–સામાન ભંગાર તરીકે હોય (બિન ઉપયોગી વસ્તુ ભંગાર) ની હરરાજી તારીખ : ૦૨/૦૬/૨૦૨૬ ને મંગળવારના રોજ સમયે બપોરે ૧૨:૦૦ કલાકે ગ્રામ પંચાયત કચેરી દેવળકી મુકામે રાખેલ છે.

આ હરરાજીની પ્રક્રિયામાં ભાગ લેવા રસ ધરાવતા ઈસમોએ હાજર રહેવા જણાવવામાં આવે છે.

સરપંચશ્રી
દેવળકી ગ્રામ પંચાયત
મો. 9825810983
મુ. દેવળકી, તા. કુંકાવાવ–વડીયા, જી.અમરેલી

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૧૪૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૭૦ |
| ૩ | તલ કાળા | ૨૦૦૧ | ૩૨૯૧ |
| ૪ | કપાસ | ૧૨૦૦ | ૧૮૧૮ |
| ૫ | બાજરો | ૩૪૦ | ૫૨૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૩૯૦ | ૪૭૬ |
| ૭ | જુવાર | ૩૫૦ | ૯૮૬ |
| ૮ | મગ | ૧૩૦૧ | ૧૬૫૭ |
| ૯ | અડદ | ૧૪૦૦ | ૧૫૫૦ |
| ૧૦ | તુવેર | ૧૦૦૦ | ૧૧૬૦ |
| ૧૧ | ચણા | ૮૦૨ | ૧૧૧૬ |
| ૧૨ | જીરૂ | ૩૭૦૦ | ૩૭૦૦ |
| ૧૩ | એરંડી | ૧૧૪૦ | ૧૧૪૦ |
| ૧૪ | ધાણા | ૧૪૦૧ | ૨૩૦૦ |
| ૧૫ | મેથી | ૯૦૦ | ૧૨૫૪ |
| ૧૬ | સોયાબીન | ૧૩૦૦ | ૧૪૦૦ |
| ૧૭ | રાય | ૧૧૦૦ | ૧૩૫૦ |

## પાલિકા કચેરીની દીવાલથી માત્ર ૫૦ મીટર દુર વીજપોલ આડો પડેલ

# અમરેલીમાં મહિનાઓથી બીમાર પડેલ વીજપોલની સારવાર કરાઈ

**બીએસએનએલ કચેરીની પાછળની દીવાલે ઘણા મહિનાઓથી બંધ પડેલ વીજપોલ શરૂ કરાયો**

**પાલિકા પ્રમુખના પ્રતિનિધિ સંદિપ માંગરોળીયાએ શહેરની સમસ્યા દુર કરવા કવાયત હાથ ધરી**

**આગામી દિવસોમાં શહેરનાં સ્ટેશન રોડ ઉપર આકર્ષક સોનેરી સ્ટ્રીટ લાઈટ લગાવવાનું આયોજન**

**શહેરનાં જુદા-જુદા ૧૦ સ્થળોએ હાઈવોલ્ટેજ લાઈટનાં ટાવર પણ ઉભા કરાશે**



અમરેલી, તા.૨૬

અમરેલી પાલિકામાં પુનઃ ભાજપનું શાસન સ્થપાયેલ છે. પરંતુ પાલિકાનું સુકાન નવયુવાન નગરસેવકોના હાથમાં આવતા તેઓ ઘણા ઉત્સાહિત છે. અને છેલ્લા પાંચ વર્ષમાં ધાર્યા પ્રમાણે વિકાસ કાર્યો થયા નથી. પરંતુ આગામી પાંચ વર્ષમાં શહેરને સુંદર અને રળિયામણું બનાવવાનાં ઉર્જા મંત્રી કૌશિક વેકરિયાના સ્વપ્નને સાકાર કરવાનાં લક્ષ્યાંક સાથે નવનિયુકત શાસકો કામે લાગ્યા છે. અમરેલી પાલિકાના પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયા અને તેમના પ્રતિનિધિ સંદિપ માંગરોળીયાએ જવાબદારી સંભાળીને તુરત જ શહેરમાં ચાલતા સફાઈકાર્યની આકસ્મિક મુલાકાત લીધી હતી. અને બાદમાં તુરત જ પાલિકાની તમામ શાખાના કર્મચારીઓની બેઠક બોલાવીને જરૂરી સુચના આપી હતી.

દરમિયાનમાં પાલિકા કચેરીથી ૫૦ મીટર દુર બીએસએનએલ કચેરી પાછળ ઘણા મહિનાઓથી આડો પડેલ વીજપોલને ઉભો કરી તેમાં વિંટાળાયેલ વૃક્ષને દુર કરીને પુનઃ ઝગમગાર શરૂ કરાયો હતો. તો જિલ્લા બેન્ક પાછળનાં માર્ગ ઉપરથી ગંદકીના ગંજ દુર કરાવ્યા હતા.પાલિકાના નવનિયુકત શાસકોએ આગામી થોડા જ દિવસોમાં ભીડભંજન મંદિરથી ક્રિષ્ના પેટ્રોલ પંપ સુધી આકર્ષક સોનેરી સ્ટ્રીટ લાઈટ લગાવવાનું નક્કી કરેલ છે. અને જો શહેરીજનોને પસંદ આવે, યોગ્ય પ્રકાશ મળે તો શહેરનો તમામ મુખ્ય માર્ગો ઉપર તેવી સ્ટ્રીટ લાઈટ લગાવાશે. તેમજ શહેરનાં સરદાર સર્કલ સહિત મહત્વનાં ૧૦ સ્થળોએ હાઈ- વોલ્ટેજ લાઈટ સાથેનાં ટાવર ઉભા કરાશે. તેમજ મહત્વનાં જાહેર ચોક ઉપર પીંક ટોયલેટની વ્યવસ્થા કરાશે.

તદ્ઉપરાંત, શહેરમાં નિયમિત પાણી વિતરણ, રખડતા પશુઓને સલામત સ્થળે ખસેડવાનું પણ આયોજન કરાયું છે. તો ઉભરાતી ભુગર્ભ ગટરો અને ગટરનાં ઢાંકણાનો પણ પ્રશ્ન દુર કરાશે.


પાલિકાના પુર્વ નગર સેવક સંદિપ માંગરોળીયાએ ''અમરેલી એકસપ્રેસ'' ને આગામી દિવસોમાં શહેરનાં વિકાસનાં કામો અંગે વિસ્તૃત માહિતી આપી હતી. અને શહેરીજનોની સુવિધા વધારવાની ખાત્રી આપી હતી.

---

### ચોમાસામાં 3 સરકારી મોબાઈલ એપથી રહો એક પગલું આગળ

## અમરેલી જિલ્લાની જનતા સચેત, દામીની અને મોસમ એપ ડાઉનલોડ કરે

**હવામાન અને આપતીની સાચી માહિતી હવે મોબાઈલમાં**




અમરેલી, તા. ૨૬

આગામી ચોમાસાની ઋતુ અને સંભવિત કુદરતી આપત્તિઓને ધ્યાનમાં રાખીને જિલ્લાના નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા પૂર્વ તૈયારી અને સમયસર સચોટ માહિતી મેળવવી અત્યંત આવશ્યક છે. કુદરતી આપત્તિ જેવી કે ભારે વરસાદ, પૂર, વાવાઝોડું, વીજળી પડવાની ઘટના સહિતની પરિસ્થિતિમાં સમયસર મળતી ચેતવણી જાનમાલની હાનિ ઘટાડવામાં મહત્વપૂર્ણ સાબિત થાય છે.આવા સંજોગોમાં ભારતના રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (એનડીએમએ) અને ભારત સરકારના કેન્દ્રીય હવામાન વિભાગ (આઈએમડી) દ્વારા વિકસાવવામાં આવેલી ત્રણ ઉપયોગી મોબાઈલ એપ્લિકેશનો નાગરિકો માટે સુરક્ષાના વિશ્વાસનીય સાધન બની શકે છે.**સચેત એપ (Sachet-NDMA)** : આપત્તિ પહેલાં જાગૃત બનવાનું સશક્ત માધ્યમ સચેત એપ દ્વારા નાગરિકોને વિવિધ આપત્તિઓ અંગે પૂર્વ ચેતવણીઓ મળી રહે છે. ઉપરાંત, આપત્તિના સમયે 'શું કરવું અને 'શું ન કરવું જેવી ઉપયોગી માર્ગદર્શિકા પણ ઉપલબ્ધ છે. આપત્તિના સમયે ગભરાવાના બદલે યોગ્ય નિર્ણય લેવામાં આ એપ મદદરૂપ બને છે.

દામીની એપ (**Damini-IMD**) : વીજળી પડવાની આગાહી માટે જીવનરક્ષક સહાયક ચોમાસા દરમિયાન વીજળી પડવાની ઘટનાઓમાં વધારો થતો હોય છે. દામીની એપ દ્વારા નાગરિકોને પોતાના વિસ્તારની આસપાસ વીજળી પડવાની સંભાવના અંગે પૂર્વ એલર્ટ મળે છે. ખેતી કામ કરતા ખેડૂતો, ખુલ્લા મેદાનમાં કામદારો તેમજ પ્રવાસીઓ માટે આ એપ વિશેષ ઉપયોગી સાબિત થઈ શકે છે. સમયસર ચેતવણીથી સુરક્ષિત સ્થળે પહોંચીને જાનહાનિ ટાળી શકાય છે.મોસમ એપ (**Mausam - IMD**): હવામાનની પળેપળની વિશ્વાસનીય માહિતી મોસમ એપ દ્વારા તાપમાન, વરસાદ, પવનની ગતિ, ભેજનું પ્રમાણ સહિત હવામાનની પળેપળની સચોટ માહિતી મેળવી શકાય છે. ચોમાસા દરમિયાન મુસાફરી, કૃષિ કામગીરી અથવા દૈનિક આયોજન માટે આ એપ માર્ગદર્શક બની શકે છે.

જિલ્લા વહીવટીતંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવે છે કે, પોતાની અને પરિવારની સુરક્ષા માટે આ ત્રણેય મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરીને તેનો નિયમિત ઉપયોગ કરે. સમયસર મળતી સચોટ માહિતી અને પૂર્વ ચેતવણી દ્વારા સંભવિત જોખમોને ઘણાં અંશે ટાળી શકાય છે.

---

## અમરેલીમાં અવિરતપણે શકિતગૃપ દ્વારા સેવાકાર્ય



અમરેલી, તા. ૨૬

અમરેલી વાળા પરિવાર દ્વારા છેલ્લા ઘણા સમયથી શહેરમાં અનોખો સેવાયજ્ઞ ચલાવવામાં આવી રહ્યો છે. પોલીસ વિભાગમાંથી નિવૃત્ત થયા બાદ હાલમાં એડવોકેટ અને ભાજપ અગ્રણી તરીકે સેવારત હનુભા વીરાભાઈ વાળાએ ચારધામ પદયાત્રા પૂર્ણ કરી છે તેમજ ૧૪૫ વખત રકતદાન કરીને માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડયું છે. તેઓ હંમેશા દરેક સમાજના લોકો માટે મદદરૂપ બન્યા છે અને માનવતાની સેવા માટે સતત કાર્યરત રહ્યા છે.તેમની સેવાભાવનાનો વારસો આજે ગેતમભાઈ અને અશોકભાઈ દ્વારા આગળ વધારવામાં આવી રહ્યો છે. ''શકિત ગ્રુપ''ના માધ્યમથી છેલ્લા દસ-બાર વર્ષથી ''ભૂખ્યા ને ભોજન'' જેવા અનોખા સેવાયજ્ઞ દ્વારા જરૂરિયાતમંદ લોકો સુધી નિસ્વાર્થ સેવા પહોંચાડવામાં આવી રહી છે.

માત્ર ભોજન જ નહીં પરંતુ જરૂરિયાતમંદ પરિવારોને હુંફ, સહકાર અને માનવતાનો આધાર આપીને સમાજમાં સેવા અને સંવેદનાની સુવાસ ફેલાવવામાં આવી રહી છે.

---

### એમ.કોમ (જીએમ) સેમ-૧ની પરીક્ષામાં

## અમરેલીની શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ એમ.કોમ. મહિલા કોલેજનું ૧૦૦ ટકા પરિણામ

**ઈશા ચૌહાણ, લક્ષ્મી પટાટ અને નિધિ ભુવા અગ્રેસર**





અમરેલી, તા. ૨૬

અમરેલીમાં પટેલ શૈક્ષણિક સંકુલ સ્થિત શ્રી લેઉવા પટેલ એમ.કોમ. મહિલા કોલેજનું તાજેતરમાં લેવાયેલ એમ.કોમ. (જીએમ) સેમ-૧નુ યુનિવર્સિટી પરિણામ ૧૦૦ટકા આવેલ છે.કોલેજની વિદ્યાર્થીની ઈશા ચૌહાણ, લક્ષ્મી પટાટ અને નિધિ ભુવાએ ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ સ્થાન મેળવેલ છે.

ટ્રસ્ટીગણ અને સ્ટાફ પરિવારે તમામ વિદ્યાર્થીનીઓને શુભકામના પાઠવી છે.

---

### પ્રી-મોન્સૂન વરસાદની આગાહી

## ગુજરાતમાં 3 દિવસ વરસાદની આગાહી, ૯ જિલ્લાઓમાં મેઘરાજાની થશે મહેર

**હવામાન વિભાગની ધારણા પ્રમાણે મે મહિનાના અંતિમ દિવસોમાં રાજયના હવામાનમાં પલટો આવવાની શરૂઆત થશે**

અમદાવાદ,તા.૨૬

હવામાન વિભાગની લેટેસ્ટ આગાહી પ્રમાણે આગામી દિવસોમાં ગુજરાતના વાતાવરણમાં મોટો પલટો આવવાના સંકેતો મળી રહ્યા છે. હાલમાં કાળઝાળ ગરમીનો સામનો કરી રહેલા નાગરિકો માટે રાહતના સમાચાર એ છે કે આગામી ૩ દિવસ સુધી રાજયમાં તાપમાન યથાવત્ રહ્યા બાદ, તેમાં ૨થી ૩ ડિગ્રી સેલ્સિયસનો નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે. આ તાપમાનના ઘટાડા સાથે જ લોકોને અસહ્ય ઉકળાટ અને હીટવેવમાંથી આંશિક મુક્તિ મળશે.હવામાન વિભાગની ધારણા પ્રમાણે મે મહિનાના અંતિમ દિવસોમાં રાજયના હવામાનમાં પલટો આવવાની શરૂઆત થશે, જેમાં ખાસ કરીને ૩૦ મેથી લઈને ૧ જૂન દરમિયાન ગુજરાતના વિવિધ વિસ્તારોમાં વરસાદી માહોલ જામી શકે.આ સમયગાળા દરમિયાન કેટલાંક જિલ્લાઓમાં ગાજવીજ, કડાકા-ભડાકા અને તીવ્ર ગતિના પવન સાથે પ્રી-મોન્સૂન વરસાદ વરસી શકે છે, જે ઉનાળાની વિદાય અને ચોમાસાના આગમન પૂર્વેની દસ્તક સમાન બની રહેશે.જો ચોક્કસ દિવસોની જિલ્લાવાર આગાહી પર નજર કરીએ તો, ૩૦ મે ૨૦૨૬ના રોજ ઉત્તર અને પૂર્વ ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી અને મહીસાગર જિલ્લાઓમાં વરસાદ પડવાની સંભાવના છે. ત્યારબાદ ૩૧ મેના રોજ સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગરની સાથે દાહોદ અને પંચમહાલ જિલ્લાના વિસ્તારો પણ વરસાદી વાતાવરણ સર્જાઈ શકે છે.આ વરસાદી સિસ્ટમ ૧ જૂન ૨૦૨૬ના રોજ થોડું વધુ વ્યાપક બનશે અને રાજયના નવ જેટલા જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. આ વિસ્તારોમાં બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ અને છોટાઉદેપુર જેવા ઉત્તર-પૂર્વના જિલ્લાઓ ઉપરાંત સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગર જિલ્લાનો પણ સમાવેશ થાય છે. જો કે આ પૂર્વેના આગામી ૭ દિવસ દરમિયાન રાજયમાં પ્રી-મોન્સૂન એક્ટિવિટી નહિવત હોવાથી કોઈ મોટી વિશિષ્ટ ચેતવણી જાહેર કરાઈ નથી.રાષ્ટ્રીય સ્તરે હવામાનની સિસ્ટમ પર નજર કરીએ તો, દક્ષિણ-પશ્ચિમ ચોમાસું હાલ સાનુકૂળ પરિસ્થિતિઓ વચ્ચે માલદીવ, કોમોરિન ક્ષેત્ર, દક્ષિણ બંગાળની ખાડી, નિકોબાર ટાપુઓ અને દક્ષિણ આંદામાન સમુદ્ર તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. આગામી ૨થી ૩ દિવસમાં તે આંદામાનના બાકીના ભાગોને આવરી લેશે. આ સાથે જ પંજાબથી પશ્ચિમ પાકિસ્તાન અને ઉત્તર-પૂર્વ અરબી સમુદ્ર સુધી ૧.૫ કિલોમીટરની ઊંચાઈએ એક વેધર ટ્રફ સક્રિય થયો છે, જે ૨૮ મેથી ઉત્તર-પશ્ચિમ ભારતના હવામાનને પ્રભાવિત કરશે.બીજી તરફ, તાજેતરના ૨૫ મે ૨૦૨૬ના આંકડા મુજબ રાજયમાં ગરમીનો પારો હજુ પણ ઊંચો નોંધાયો છે, જેમાં અમદાવાદ ૪૩ સેલ્સિયસ સાથે રાજયનું સૌથી ગરમ શહેર રહ્યું છે. ગાંધીનગર અને રાજકોટમાં ૪૨.૫ સુરેન્દ્રનગરમાં ૪૨.૩ અને ભાવનગરમાં ૪૧.૭ તાપમાન રહ્યું હતું, જ્યારે દ્વારકામાં સૌથી ઓછું ૩૩.૮ સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. આમ, આ પ્રચંડ ગરમીના દોર બાદ મેના અંતમાં શરૂ થનારો વરસાદી માહોલ સમગ્ર ગુજરાતને આકરી ગરમીમાંથી મોટી રાહત આપશે.

---

### એસ.ટી. વિભાગ દ્વારા સત્તાવાર નિર્ણય

## અમરેલી જિલ્લાનાં એસ.ટી. ડેપો અને કંટ્રોલ પોઈન્ટ ઉપર જાહેરાત પ્રસિધ્ધ કરાશે

**રસ ધરાવતા વ્યકિતઓ, કંપનીઓ સંપર્ક કરે**

અમરેલી, તા. ૨૬

ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ (જીએસ આરટીસી) ના અમરેલી વિભાગ દ્વારા એક અગત્યની જાહેરાત કરવામાં આવી છે. અમરેલી વિભાગ હેઠળ આવતા તમામ ડેપો તથા ડેપો કંટ્રોલ પોઈન્ટ ઉપર નજીવા દરે જાહેરાતો પ્રસિધ્ધ કરવા માટે રસ ધરાવતા ઈસમો, પાર્ટીઓ, કંપનીઓ અને સંસ્થાઓ રૂબરૂ મળીને સંપર્ક કરી શકે છે.

નિગમનાં પ્રવર્તમાન નીતિનિયમો અનુસાર નીચે મુજબની જગ્યાઓ પર જાહેરાતો પ્રસિપ્રધ કરી શકાશેઃ અમરેલી વિભાગનાં ડેપો હેઠળ આવતી બસોની સાઈડ પેનલ ઉપર ૨૪ X ૧.૫ ફૂટ તથા બેક પેનલ ઉપર ૩ X ૨ ફૂટની સાઈઝમાં તથા જિલ્લાનાં તાલુકાકક્ષાએ આવેલા અમરેલી, બગસરા,ધારી, રાજુલા તેમજ સાવરકુંડલા બસ ડેપો તથા તેના હેઠળ આવતા કંટ્રોલ પોઈન્ટસ પર અને ગીર સોમનાથ જિલ્લાનાં તાલુકાકક્ષાએ આવેલા ઉના અને કોડીનાર બસ ડેપો તથા તેના હેઠળ આવતા કંટ્રોલ પોઈન્ટસ પર સાઈન બોર્ડ ઉપર ૧૦ X ૨૦ની ફૂટની સાઈઝમાં સાઈન બોર્ડ ઉપર નજીવા દરે નિગમનાં પ્રવર્તમાન નીતિ નિયમો અનુસાર જાહેરાત પ્રસિદ્ધ કરી શકાશે.

જાહેરાતો પ્રસિપ્રધ કરવા માટે રસ ધરાવતી તમામ પાર્ટીઓએ નિગમનાં નીતિનિયમો, જાહેરાતનાં દર તથા અન્ય વિસ્તૃત માહિતી મેળવવા માટે કચેરીનાં કામકાજનાં દિવસો દરમિયાન સવારે ૧૧ કલાકથી સાંજના ૫ કલાક સુધીમાં વિભાગીય નિયામકની કચેરી, લાઠી રોડ, અમરેલીનો રૂબરૂ સંપર્ક કરવો. રાજય સરકાર, કેન્દ્ર સરકાર તેમજ લોકલ ઓથોરિટી દ્વારા પ્રતિબંધિત કરવામાં આવેલ કોઈ પણ ચીજવસ્તુઓની જાહેરાતો પ્રસિધ્ધ કરી શકાશે નહીં જેની ખાસ નોંધ લેવા ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ, અમરેલી વિભાગની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---

શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત

(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)

શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ

ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯

પ્રવેશની ઉત્તમ તક...

વર્ષ-૨૦૨૬માં ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...

શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે

પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

F.Y.B.Com. SEMESTER-1 | S.Y.B.Com. SEMESTER-3 | T.Y.B.Com. SEMESTER-5 | M.Com. SEMESTER-1,3

- ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ

- તદન આધુનિક સુવિદ્યા સજજ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- નવી શિક્ષણ નીતિ મુજબના Accounting & Finance, Business Management, જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ આપવામાં આવે છે.

શ્રી ડો. એસ.પી. સિતાપરા
પ્રિન્સિપાલ
મો. ૯૮૨૫૯ ૩૮૦૪૮

વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક
સવારનાં
૮:૩૦ થી ૧૨:૦૦ સુધી

www.mdscollege.org

શ્રીમતિ વનીતા બી. સીતાપરા
મેનેજીંગ ટ્રસ્ટી




## પાલિકા પ્રમુખનાં વોર્ડનાં જ સાથી નગરસેવકો રોષે ભરાયા

# બાબરા પાલિકામાં સત્તા પક્ષનાં ર નગરસેવકોનો બળાપો

**પૂર્વ પાલિકા પ્રમુખ વનરાજભાઈ વાળાનાં નેતૃત્વમાં કૌશિક વાળા અને રમેશભાઈ તૈરૈયાએ ઉહાપો મચાવ્યો**

**સ્થાનિકોને સાથે રાખીને સફાઈ, ગટર, પાણી જેવી સુવિધાઓને લઈને ઉગ્ર રજૂઆત**

**પાલિકા પ્રમુખની ખુરશીમાં મહિલા પ્રમુખનાં પતિ બિરાજમાન હોય વધારે ધમાલ મચી**

**જો કે પાલિકા પ્રમુખનાં પતિએ નગરસેવકોનાં આક્ષેપોને ફગાવીને જણાવ્યું કે વિકાસ કાર્યો થઈ રહ્યા છે**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૬

બાબરા નગરપાલિકામાં સત્તાધારી ભાજપમાં જ હવે અસંતોષના સૂર ઉંચા બનતા શહેરની રાજનીતિ ગરમાઈ ગઈ છે. વોર્ડ નંબર ૨ ના ભાજપના સભ્યો કૌશિક વાળા અને રમેશભાઈ તેરૈયાએ પૂર્વ પાલિકા પ્રમુખ અને ભાજપ અગ્રણી વનરાજભાઈ વાળાના નેતૃત્વમાં નગરપાલિકા કચેરી ખાતે ભારે હોબાળો મચાવી પાલિકા તંત્ર સામે ખુલ્લો બળાપો કાઢયો હતો. સ્થાનિક લોકોને સાથે રાખી સભ્યોએ રોડ–રસ્તા, સફાઈ, ભૂગર્ભ ગટર અને પાણી જેવી પ્રાથમિક સુવિધાઓ મુદ્દે આક્રોશ વ્યકત કરતાં લોકોના કામો થતા નથી તેવા આક્ષેપો કર્યા હતા.

ખાસ ચર્ચાનો વિષય ત્યારે બન્યો જયારે પાલિકા પ્રમુખ રંજનબેન પરવાડીયાની ખુરશીમાં તેમના પતિ રમેશભાઈ પરવાડીયા બેઠેલા જોવા મળ્યા હતા. આ દ્રશ્ય જોઈ સભ્યો વધુ ઉગ્ર બન્યા હતા. વનરાજભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

## એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

# બાબરા : ભાવનગર–રાજકોટ હાઈવે ઉપર કારમાંથી વિદેશી બનાવટની ભારતીય દારૂની બોટલ ઝડપાઈ

**વિદેશી દારૂની ૯૪ર બોટલ અને કાર કબ્જે કરાઈ**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૬

બાબરા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. આર.આર. પરમારની રાહબરી હેઠળ એ.એસ.આઈ. કિરણભાઈ સોલંકી તથા હેડ કોન્સ. રાજભા વાઘેલા તથા પો.કોન્સ. વિજયભાઈ ચારડીયા તથા ભરતભાઈ મકવાણા તથા જગદિશભાઈ રામાણી બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન બાતમી રાહે હકીકત મળેલ કે ચાવંડ ગામ તરફથી બાબરા તરફ એક સફેદ કલરની બલેનો ફોરવ્હીલ કાર આવતી હોય જે અન્વયે રાજકોટ ભાવનગર હાઈવે ખોડલ જીનીંગ સામેના રોડ પર ઉપરોકત તમામ સ્ટાફ વોચમાં ઉભા રહેલ હોય તે દરમ્યાન હકિકત વાળી ફોરવ્હીલ કાર આવતા તેને રોકી ગાડીમાં એક ઈસમ હોય જેને નીચે ઉતારી પુછપરછ કરી ગાડી ચેક કરતા ગાડીમાં ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો પુઠામાં બોકસમાં તથા પ્લાસ્ટિકના કોથળામાં હોય જેમાંથી પ્લાસ્ટિકની બોટલો ગણી જોતા ૧૮૦ મી.લી.ની બોટલ નંગ ૯૪૨ જેની કુલ કિં. રૂ. ૧,૬૦,૧૪૦/– તથા બલેનો કારની કિં. રૂા. ૫ લાખ ગણી કુલ કિં.

અનુસંધાન પાના ૬ ઉપર

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૬૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫


રાજકોટ સીટીમાં–ર (બે) ફલેટ વેચવાના છે
2 BHK ફલેટ, B-1101,
"સીટી કલાસીક"
વસંતવાટીકા નજીક, અંબીકા ટાઉનશીપ,
મવડી-રાજકોટમાં
કારપેટ એરીયા : 600 Sqft Apx
કિંમત : ૩૧,૩૧,૦૦૦/- માં જ...
પ્લસ મેન્ટેન્સ & ટ્રાન્સફર ફી
સંપર્ક : 88667 10121 / 94277 44641
2 BHK ફલેટ, ફુલ્લી ફર્નીસ્ડ, ૧૦૨,
એકલવ્ય એપાર્ટમેન્ટ, અમીનમાર્ગ રાજકોટમાં
કારપેટ એરીયા : 670 Sqft Apx
કિંમત : ૫૫,૫૫,૦૦૦/-
સંપર્ક : 96624 58777

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,45,700/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૨૬/૦૫/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ
જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

## વનવિભાગની જાગૃતતાથી ૭ તેતરને બચાવી લેવાયા

# વડિયાનાં હનુમાન ખીજડીયામાં તેતરનો શિકાર કરતા ઈસમને ઝડપી લેવાયો

**વનવિભાગે ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી**



વડિયા, તા. ૨૬

અમરેલી જીલ્લાના વડિયા કુંકાવાવ તાલુકામાં વન્ય પ્રાણીઓ અને પશુ પંખીઓનો વસવાટ વિસ્તાર બની રહ્યો છે. વડિયાની ફરતે આવેલા ડેમોના કારણે અહિ પ્રાણીઓ, પશુ અને પંખીઓ માટે અનુકૂળ વાતાવરણ હોવાથી અહિ વન્ય પશુ પંખીઓની સંખ્યા વધુ જોવા મળે છે. એક બાજુ વન્ય જીવોને પ્રેમ કરાનારો વર્ગ અહિ છે તો બીજી બાજુ વન્ય જીવોનો શિકાર કરતા લોકો પણ અહિ હોય તેવુ સામે આવતું જોવા મળી રહ્યું છે. વન વિભાગ પાસેથી પ્રાપ્ત થતી વિગત મુજબ ફરજ પરના વન કર્મીઓને મળેલી બાતમીના વાચ ગોઠવી સતત એક મહિના સુધી પેટ્રોલિંગ કરી ઊંડાણ પૂર્વક તપાસ કરતા અંતે હનુમાન ખીજડીયા ગામના દેવીપૂજક જોરૂભાઈને ત્યાં તપાસ કરતા તેમના ઘરેથી પિંજરામાં પકડેલ સાત તેતર બચ્ચા જીવતા મળી આવતા તેમની વિરૂધ્ધ વન વિભાગની વન્ય પ્રાણીઓને લાગતી કલમ ૨(૫)(૧૬)(૩૬) /૯/૩૯ મુજબ કાર્યવાહી કરી રૂપિયા ૨૫૦૦૦/–નો દંડ કરી નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવી હતી. વડિયા વિસ્તારમાં વન્ય પ્રાણીઓ સિંહનો પણ વસવાટ હોય ત્યારે વન વિભાગની આ કાર્યવાહીથી પર્યાવરણ પ્રેમીઓમાં ખુશી સાથે વન કર્મીઓની કામગીરીને બિરદાવતા જોવા મળ્યા હતા. આ કેસમાં સતત એક મહિના સુધી વોચ અને પટ્રોલિંગ કરી આ શખ્સને ઝડપવામાં વડિયા વિસ્તાર વાઈલ્ડ લાઈફના કર્મચારી વનરક્ષક એચ. ડી. રાખોલિયા, એસ.પી. તેરૈયા વનપાલ, અનીડા અને મનીષભાઈ ગગીયા ટ્રેકર દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.

## કાણકીયા કોલેજ નજીક વૃક્ષ ઉપર મધપુડો જામ્યો

# સાવરકુંડલામાં રોગ પીડિત પશુપાલકનાં પરિવાર પર મધમાખીઓનો આંતક

**મહિલા ઉપર મધમાખીએ કર્યો હુમલો**



સાવરકુંડલા, તા.૨૬

સાવરકુંડલા શહેરના કાણકિયા કોલેજના ધાર વિસ્તારમાં છેલ્લા ૨૫ વર્ષથી પશુપાલન અને દૂધ વિતરણના વ્યવસાય સાથે સંકળાયેલા ભોળાભાઈ જાડાભાઈ ડાંગર (ભરવાડ)ના ૧૧ સભ્યોનો પરિવાર હાલ ભારે ભયના ઓથાર હેઠળ જીવી રહ્યો છે. ઘરના મોભી ભોળાભાઈ પોતે

અનુસંધાન પાના ૬ ઉપર

## ન જાણ્યુ જાનકીનાથે ઘડી પછી શું થવાનું છે

# બાબરાનાં ગરણી ગામ નજીક ટ્રેકટર પલ્ટી જતાં ચાલક યુવકનું મોત નિપજયુ

**માથાનાં ભાગે ગંભીર ઈજા થવાથી મોતને ભેટયા**

અમરેલી, તા. ૨૬

બાબરા તાલુકાના પાનસડા ગામે રહેતા જીતેશભાઈ ભનુભાઈ ગોરાસ્વા નામના ૨૬ વર્ષીય યુવક ગત તા. ૨૫ ના બપોરના ૧૨ વાગ્યાના અરસામાં પોતાના હવાલા વાળા ટ્રેકટર નં. જી.જે.–૦૩ ઈએ–૨૫૯૬નું વાડીએ ખાતર ખાલી કરી ચલાવીને ગરણી ગામે પરત આવતા હોય. ત્યારે રસ્તામાં પોતાના હવાલાવાળું ટ્રેકટર પુરઝડપે ચલાવતા ટ્રેકટર પરનો કાબુ ગુમાવી બેસતા ટ્રેકટર રોડની સાઈડમાં ખાળીયામાં પલ્ટી ખાઈ જતા પોતાના માથાના ભાગે ગંભીર ઈજા થતા પોતાનું મોત નિપજાવી દીધાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## પશુ બાંધવાનાં ફરજામાં લાગી આગી

# અરેરાટી : બાબરાનાં વાસાવડ માર્ગ ઉપર વાડીમાં આગથી ગાય અને પાડીનું મોત

**વાડી માલીકે પોલીસમાં વિગતો જાહેર કરી**

અમરેલી, તા. ૨૬

બાબરાના વાસાવડ રોડ ઉપર રહેતા ધનજીભાઈ અમરશીભાઈ કારેટીયા નામના ૬૫ વર્ષીય વૃધ્ધની વાડીએ ગત તા. ૨૫ ના સાંજના પોણા આઠેક વાગ્યે બાબરા ગામની સીમમાં આવેલ વાડીએ ઈલેકટ્રીક ટીસીની બાજુમાં વાડીના મકાનમાં તથા પશુ બાંધવાના ફરજામાં કોઈ કારણોસર આગ લાગતા ફરજામાં બાંધેલ ગાય જીવ નંગ ૧ કિંમત રૂા. ૬૦,૦૦૦ તથા પાડી જીવ નંગ–૧ કિંમત રૂા. ૨૫૦૦૦ની એમ બંન્નેની કુલ રૂા. ૮૫,૦૦૦ની આગમાં દાઝી જતા મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.




*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)